RNI No. GUJGUJ/2011/44815

વર્ષ : 7

ઓગસ્ટ - 2018

કિંમત - રૂ.10/-



શ્રી લોહાણા મહાપરિષદનું મુખપત્ર

# શ્રી રઘુકુળ વિશ્વ

ધર્મ, સમાજ અને રાષ્ટ્રની રક્ષા માટે થાય મંથન
જેમ બહેની વીરને બાંધી રાખડી, ઉજવે રક્ષાબંધન ...





## માતૃસંસ્થાની અટારીએથી...

# ફૂલ અને શૂલ

વ્હાલા રઘુવંશી ભાઈ-બહેનો,

**જય જલારામ... જય રઘુવંશ... જય મહાપરિષદ...**

ફૂલ અને શૂલની વચ્ચે બહુ મોટો તફાવત હોય છે. ફૂલ હંમેશા કોમળ, નાજુક તથા ઋજુ હોય છે, જ્યારે શૂલ અણીદાર, તીક્ષ્ણ અને પીડાકારી હોય છે. ફૂલોને સૌ કોઈ પસંદ કરે છે જ્યારે કાંટાઓને હર કોઈ ધિક્કારે છે, તેનું કારણ એ છે કે ફૂલો મૃદુ અને કોમળ છે, સુંદર મહેક પ્રસરાવે છે તથા પર્યાવરણને શુદ્ધ બનાવે છે, જ્યારે શૂલ દરેકને પીડા જ આપે છે.

ફૂલ અને શૂલના ઉદાહરણ દ્વારા અહીં એ સમજવાનો નમ્ર પ્રયાસ છે કે જેમ ફૂલોની સાથે કાંટાઓ વળગેલા જ હોય છે તેમ દુનિયામાં કે સમાજમાં સજ્જનો કે સારા માણસોની સાથે દુર્જનો કે ખરાબવૃત્તિ વાળા લોકો પણ વસતા હોય છે. ફૂલો જેમ તેની મૃદુતા મુક્તા નથી અને કાંટાઓ તેમની કઠોરતા ચૂકતા નથી, તેવી જ વૃત્તિ સજ્જનો તેમની સજ્જનતા મૂકતા નથી અને દુર્જનો ક્યારેય તેમની દુષ્ટતા ચૂકતા નથી. સારા અને સજ્જન માણસમાં સેવા ભાવના, વિનમ્રતા, સભ્યતા જેવા વિશિષ્ટ ગુણો હોય છે તો બીજી તરફ દુર્જનોમાં દુષ્ટતા, અધમતા, હલકી વિચારસરણી, અદેખાઈ, ઈર્ષ્યા, વેર, બદલો લેવાની ભાવના, કોઈને હેરાન કરવાની વૃત્તિ, કોઈનું બુરું થાય તેવા કામો કરવાં વગેરે જેવા દુર્ગુણો હોય છે. સારા અને સેવાભાવના વાળા લોકોના સદ્‌વર્તાવને કારણે દરેક વ્યક્તિઓ તેમને આવકારે છે અને ચાહવા લાગે છે તથા તેઓ દરેકના પ્રીતિપાત્ર બને છે, પરંતુ નકારાત્મક વલણ ધરાવતા લોકો પરપીડન વૃત્તિથી ભરેલા હોવાથી લોકો તેમનાથી દૂર ભાગે છે અને તેમને દરેક જગ્યાએથી ફિટકાર જ મળે છે.

એક જાણીતા ભજનીકે પણ પોતાના ભજનમાં લખ્યું છે, "ભલું કોઈનું થઈ ના શકે તો બૂરું કોઈનું ના કરવું, ફૂલ ભલે ના બની શકીએ પણ કાંટા થઈને ના રહેવું." એક માણસ બહુ નકારાત્મક ચિંતન કરતો હતો. તેને સંસારમાં બધી જગ્યાએ ખરાબ જ ખરાબ દેખાતું હતું. એક દિવસ તેને સમાચાર મળ્યા કે શહેરમાં રહેતા એક ભલા માણસ સાથે કંઈક દુર્ઘટના થઈ છે. આ જાણીને તેણે પોતાના મિત્રને કહ્યું, "મિત્ર ! લાગે છે કે આ સંસારમાં માત્ર દુર્જનોની જ બોલબાલા છે. સજ્જનોને તો લોકો હેરાન જ કરે છે." તેના મિત્રએ તેને ગુલાબનું ફૂલ આપતા કહ્યું, "મિત્ર ! એ બતાવ કે કોણ ગુલાબને તેના કાંટાને કારણે યાદ કરે છે. બૂરાઈ બધી જગ્યાએ છે પણ લોકોના હૃદયમાં છાપ માત્ર સારપની જ છપાય છે. એ ભલી વ્યક્તિને લોકો તેના સદ્‌ગુણોને કારણે યાદ કરશે, દુર્ઘટનાને કારણે નહિ. સદ્‌ગુણોની કીર્તિ તો સદાય રહે જ છે."

વ્હાલા ભાઈઓ-બહેનો, આપણે સૌ જ્ઞાતિમૈયાની સેવામાં જોડાયા છીએ, જ્ઞાતિના છેવાડાના વ્યક્તિનું આપણા સૌ થકી ભલું થાય, તેઓની તકલીફો દૂર થાય, શિક્ષણ અને આરોગ્ય સુધરે, લોકો વધુ ને વધુ સુખ, સંપત્તિવાન બને અને એ રીતે જ્ઞાતિનો વિકાસ અને પ્રગતિ થાય તેવા ઉમદા હેતુથી જ માતૃસંસ્થા મહાપરિષદ વિવિધ પ્રકલ્પોના સંકલ્પોને ફળીભૂત કરવા તેના દરેક હોદ્દેદારો અને સમિતિઓ સક્રિય રીતે અને નિષ્ઠાથી કામ કરે છે તેથી એ આપણે નક્કી કરવાનું છે કે આપણે ફૂલ જેવા બનવું છે કે શૂલ બનીને સારા કાર્યો થતા હોય ત્યાં જ્ઞાતિ વિકાસને અટકાવવો છે. કોઈને ફસાવવા માટે જાળ બિછાવવાનું કામ તે આપણું ન જ હોય. ન હોય મોહમાયા ને વશ થઈ ખોટી જાળમાં ફસાઈ રહેવાનું યે આપણું કામ. આપણે આપણા વ્યવહારીક સંબંધોનું સ્વરૂપ સમજવું જોઈએ. એ સંબંધોને ક્યારે કઈ રીતે બાંધવા, કઈ રીતે દૃઢ કરવા કે ઢીલા કરવા, કઈ રીતે એ છોડવા કે તોડવા આ બધું જ અજમાવવાની બાબતોમાં એક ઊંચા પ્રકારનો વિવેક, સમતાભર્યો અભિગમ અને સાત્વિક ઉત્સાહબળ અનિવાર્ય છે. આપણા સંબંધો આપણી સત્વશક્તિ, સેવાભક્તિને ખૂલવા, ખીલવા અને ખેલવામાં વધુ ને વધુ મોકળાશ અને મુક્તિ આપે તેવી પ્રભુને પ્રાર્થના સહ અંતમાં...

"આવો, ફૂલ સા નાજુક સંબંધ સ્થાપીએ,
જે ચૂંટે તેને પણ ખુશ્બુ આપીએ..."

પ્રવિણ કોટક
પ્રમુખ, શ્રી લોહાણા મહાપરિષદ

વર્ષ : 7
ઓગસ્ટ - 2018
અંક : 79
માલિક
શ્રી લોહાણા મહાપરિષદ

પ્રકાશક : પ્રવિણ કોટક
તંત્રી : પ્રોફે. ચંદ્રકાન્ત જે. વન્ના
વ્યવસ્થાપક : હિમાંશુ ઠક્કર (મંત્રી)

વિભાગીય સંકલક :
ગુજરાત : શંકર કતીરા (ડીસા)
સૌરાષ્ટ્ર : અશોક હિંડોચા (રાજકોટ)
કચ્છ : રાજેશ પલણ (નખત્રાણા)
વિદર્ભ સહ મધ્ય ભારત : જયપ્રકાશ વસાણી (નાગપુર)
મુંબઈ સહ મહારાષ્ટ્ર : મુકેશ કોટક (મુંબઈ)
ઉત્તર - પૂર્વ ભારત : મુકેશ ઠક્કર (કટક)
દક્ષિણ-ભારત : ભરત ઠક્કર (કલીકટ)

માર્ગદર્શક :
યોગેશભાઈ લાખાણી
ધીરૂભાઈ મીરાણી (મુંબઈ)
કનુભાઈ આચાર્ય (ડીસા)
ગીરીશભાઈ દ્રેસવાળા (મુંબઈ)
રમેશચંદ્ર આર. ઠક્કર (ગાંધીનગર)

રજી. કાર્યાલય
બેઝમેન્ટ, ઇસ્કોન મેગા મોલ,
ઇસ્કોન મંદિરની પાસે, એસ. જી. હાઈવે,
સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ફોન : (૦૭૯) ૪૦૦૬૧૦૦૫
વેબસાઈટ : www.lohanamahaparishad.org
લવાજમ
આજીવન લવાજમ (ભારત) : રૂ. ૨૦૦૦/-
આજીવન લવાજમ (ભારતની બહાર) : રૂ. ૮૦૦૦/-
છૂટક પ્રત કિંમત : રૂ. ૧૦/-

સળંગ વર્ષ : 20 સળંગ અંક : 238

ઈમેઈલ :

raghukulvishwa@gmail.com
(રઘુકુળ વિશ્વમાં સમાચારો પ્રસિદ્ધ કરવા માટે)
lmppressrelease@gmail.com
(અન્ય મુખપત્રોમાં પ્રસિદ્ધ થયેલા સમાચારો માતૃસંસ્થાને મોકલવા માટે)
shreelmpawards@gmail.com
(માતૃસંસ્થા સ્થાપિત આંતરરાષ્ટ્રીય એવોર્ડ્સ માટે નોમિનેશન મોકલવા માટે)
jaymahaparishad@gmail.com
(અન્ય કોઈપણ પ્રકારના પત્રવ્યવહાર માટે)

'શ્રી રઘુકુળ વિશ્વ'માં છપાતી વાંચન સામગ્રી જે તે લેખકના પોતાના અભિપ્રાય - વિચારો આધારિત છે. જે બાબતે 'શ્રી રઘુકુળ વિશ્વ' કે શ્રી લોહાણા મહાપરિષદ કોઈ રીતે જવાબદાર રહેશે નહીં તેની સુજ્ઞ વાચકોએ નોંધ લેવી.

## અનુક્રમણિકા

| | |
|---|---|
| માતૃસંસ્થાની અટારીએથી | ૨ |
| તંત્રી સ્થાનેથી | ૪ |
| શ્રી લોહાણા મહાપરિષદ... આંતરરાષ્ટ્રીય એવોર્ડ્સ | ૫ |
| વિભાગીય સમાચાર | ૭ |
| સ્થાયી સમિતિઓના અહેવાલ | ૧૦ |
| ઉચ્ચ અભ્યાસ શૈક્ષણિક સહાય ફોર્મ | ૧૧ |
| સંસ્થા સમાચાર | ૧૯ |
| શાબાશ રઘુવંશી | ૨૨ |
| જાહેરાત : શ્રી ખીમજી ભગવાન આર. સી. ટી. ભાગવત અતિથિ ભવન | ૨૪ |




# શ્રી લોહાણા મહાપરિષદ
# શ્રી રઘુવંશી ચેરિટેબલ ટ્રસ્ટ

શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા ઉચ્ચ શિક્ષણ માટે ખ્યાતનામ સંસ્થાઓ કે યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવતા તેજસ્વી વિદ્યાર્થીઓને રૂા. ૧,૦૦,૦૦૦/-ની મર્યાદામાં શિક્ષણ સહાય આપવામાં આવે છે. દર માસે બે થી ત્રણ વખત ઈન્ટરવ્યુનું આયોજન કરી તમામ વિગતો સાથે આવેલ ફોર્મમાંથી વિદ્યાર્થીઓને રૂબરૂ આમંત્રિત કરી જરૂરિયાત મુજબ સહાય તત્કાલ ચૂકવવામાં આવે છે. આ સેવાયજ્ઞમાં સહભાગી બનતા શ્રી કે. સી. ઠક્કર, શ્રી ધર્મેશભાઈ હરિયાણી, શ્રી ખીમજી ભગવાનદાસ ચેરિટી ટ્રસ્ટ તેમજ અન્ય દાતાઓના સાથ સહકારથી આ યજ્ઞ અવિરત ચાલે છે. આ અંકના મધ્ય પેજમાં ફોર્મ પ્રકાશિત કરેલ છે જેને અલગ કાઢી સાચવી રાખવા વિનંતી. આપની આસપાસના કોઈ જરૂરિયાતમંદ પરિવારને આંગળી ચીંધી તેની મુશ્કેલીમાં મદદરૂપ થવા આપને નમ્ર અપીલ.



tંત્રી સ્થાનેથી

# લોહાણા સમાજ અને સીવીલ સર્વિસ



પોતાની આવડત અને સાહસિક સ્વભાવને લઈને વિકસિત અનેક દેશોને ખેડી નાખનાર વેપારી કોમથી જાણીતી લોહાણા જ્ઞાતિ એ છેલ્લા બે ત્રણ દસકામાં શિક્ષણના ક્ષેત્રમાં પણ ઠીક ઠીક પ્રમાણમાં ખેડાણ કરેલું જોવા મળી રહ્યું છે. આજે સમાજમાં લોહાણા જ્ઞાતિના અનેક ડોક્ટર્સ, એન્જિનિયર્સ, વકીલ, ચાર્ટડ એકાઉન્ટન્ટસ, પ્રોફેસર્સ અને વાઈસ ચાન્સેલર્સ પણ જોવા મળે છે. અનેક લોહાણા દિકરા-દિકરીઓ હવે વિદેશમાં વેપાર વાણિજ્ય માટે નહિ પરંતુ ઉચ્ચ અભ્યાસ માટે પહોંચ્યા છે અને પછી ત્યાં જ સ્થાયી થઈને ઉચ્ચ હોદ્દાઓ પર કામ કરે છે, પરંતુ સીવીલ સર્વિસ એટલે સરકારી સેવાઓમાં IAS, IPS કલેક્ટર, ડેપ્યુટી કલેક્ટર કે મામલતદાર જેવા ઉચ્ચ સરકારી હોદ્દાઓ પર આપણી જ્ઞાતિનું પ્રતિનિધિત્વ પૂરાય ગુજરાત કે ભારતભરમાં કદાચ ત્રણ આંકડા સુધીય પહોંચ્યું છે કે કેમ તે સંશોધનનો વિષય છે.

આનંદની વાત એ છે માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદે આ બાબતને લઈને એક ખૂબ જ સરાહનીય કદમ સાથે એક ભગીરથ પ્રયાસ હાથ ધર્યો છે. આપણા કર્મઠ પ્રમુખ માન.શ્રી પ્રવિણભાઈએ જ્યારથી પ્રમુખનો પદભાર સંભાળ્યો છે ત્યારથી તેઓનું આ સ્વપ્ન રહ્યું છે કે લોહાણા જ્ઞાતિમાંથી IAS, IPS, કલેક્ટર જેવા ઉચ્ચ પદાધિકારીઓ બને. તેઓ ઘણી વખત પોતાના જાહેર વક્તવ્યમાં ઉલ્લેખ કરતા હોય છે કે જનતામાંથી ચૂંટાઈને વેઢે ગણી શકાય તેટલી છે. તો પછી સરકારમાં સત્તા પ્રાપ્ત કરવાનો બીજો રસ્તો છે. સનદી સેવામાં ઉચ્ચ હોદ્દાઓ પર પહોંચવું અને એ રીતે જ્ઞાતિના લોકોના અટકેલા અગત્યના કાર્યો ન્યાયીક રીતે પૂર્ણ કરવામાં મદદરૂપ થવું અને એ રીતે જ્ઞાતિ વિકાસમાં સહયોગ આપી પોતાને અને જ્ઞાતિને ગૌરવાન્વીત કરાવી શકાય. માન. પ્રવિણભાઈના આ સ્વપ્નને સાકાર કરવા શ્રી લોહાણા મહાપરિષદ, શિક્ષણ સમિતિના અધ્યક્ષ શ્રી ધર્મેશભાઈ હરિયાણીએ પોતાની કર્મઠ અને સક્ષમ ટીમ સાથે મહામંત્રી શ્રી હિમાંશુભાઈનાં માર્ગદર્શન અને તેમની શક્તિઓનો સદ્ઉપયોગ કરીને જ્ઞાતિના સનદી સેવામાં ઉચ્ચ હોદ્દાઓ પર બીરાજતા પદાધિકારીઓ, જ્ઞાતિના શિક્ષણવિદો આ બધાના સાથ સહકારને લઈને ભારતભરમાં સૌ પ્રથમ જ્ઞાતિના યુવક-યુવતીઓને IAS, IPS, UPSC, GPSC જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપવા Motivate કરવાનું ભગીરથ કાર્ય હાથ ધર્યું છે, જેનો સફળ પ્રયોગ હમણાં જ વલ્લભ વિદ્યાનગર ખાતે આપણી કુમાર અને કન્યા છાત્રાલય તથા મધ્ય ગુજરાતના થઈને ૧૮૦ યુવક-યુવતીઓને ''કારકિર્દી માર્ગદર્શન વર્કશોપ''માં સામેલ કરીને કર્યો. આ પરિસંવાદનો અહેવાલ આ અંકમાં સામેલ છે. આ પરિસંવાદમાં Motivate થઈને ૫૦ જેટલા યુવક-યુવતીઓએ જોડાવા તૈયારી બતાવી. આવા પરિસંવાદો ભારતભરમાં યોજવાનું આયોજન છે.

આવા પરિસંવાદો દ્વારા પ્રોત્સાહિત થયેલા આ Aspirants ના ત્યારબાદ Aptitute Test લઈ તેઓની યોગ્યતા પ્રમાણે અમદાવાદ ખાતે તેઓને પરીક્ષાની તમામ પ્રકારની તૈયારી માટે રહેવા જમવા તથા કોચિંગની નિઃશુલ્ક વ્યવસ્થા માતૃસંસ્થા દ્વારા થવાની છે જે ખરેખર ઉદાહરણીય અને સરાહનીય છે. ભારતભરની સૌ જ્ઞાતિ સંસ્થાઓ, મહાજનો, યુવા સંગઠનો, મહિલા મંડળો, કુમાર / કન્યા છાત્રાલયોના ઉચ્ચ હોદ્દેદારોને નમ્ર અપીલ છે કે આપ આપની નજરમાં હોનહાર લાગતા જ્ઞાતિના દિકરા દિકરીમાં આ અંગે જાગૃતિ લાવી પ્રોત્સાહિત કરો અને માતૃસંસ્થા તથા શિક્ષણ સમિતિના આ ભગીરથ પ્રયાસમાં તેઓને જોડવા મદદરૂપ બનો. આપણા સૌના સહિયારા પ્રયાસો થકી આવનારા સમયમાં મોટી સંખ્યામાં IAS, IPS, UPSC જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં આપણા યુવાનો પ્રતિસ્પર્ધી બનશે તો આ કાર્ય સાર્થક થયેલું ગણાશે. આ અંગેની કોઈ પણ વિગત કે માહિતી માટે આપ માતૃસંસ્થાની ઓફિસનો કે શિક્ષણ સમિતિના કોઈ પણ સભ્યનો સંપર્ક કરી શકો છો.

આવો, આપણે સૌ નવી પેઢીના પથદર્શક બની તેઓને સનદી સેવાની ઉચ્ચ કારકિર્દી બનાવવા માધ્યમ બનીએ અને જ્ઞાતિને ગૌરવ અપાવીએ.

- પ્રોફે. ચંદ્રકાન્ત જે. તન્ના

# શ્રી લોહાણા મહાપરિષદ સ્થાપિત ૧૭ આંતરરાષ્ટ્રીય એવોર્ડ્સ
# આંતરરાષ્ટ્રીય એવોર્ડ્સ સમારોહ -૨૦૧૮

શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા વિવિધ સમાજશ્રેષ્ઠીઓના સૌજન્ય થકી રઘુવંશના ગૌરવની અનુભૂતિ કરાવવા તેમજ સમાજમાં વિવિધ ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરતા વ્યક્તિત્વને પ્રોત્સાહિત કરવા નીચે મુજબના ૧૭ આંતરરાષ્ટ્રીય એવોર્ડ્સ દર વર્ષે યથોચિત સમયે અને સ્થળે સૌજન્ય પરિવારો તેમજ શ્રી લોહાણા મહાપરિષદના હોદ્દેદારો દ્વારા ગૌરવભેર એનાયત કરવામાં આવે છે. આ એવોર્ડ્સ માટે નિયત ફોર્મમાં નોમીનેશન્સ અનુકૂળ સમયે સંપૂર્ણ દસ્તાવેજી પુરાવા સાથે શ્રી લોહાણા મહાપરિષદના મધ્યસ્થ કાર્યાલય પર મોકલાવી શકાય છે. ઉમેદવારના ફોટોગ્રાફ્સ, વિડિયો સીડી તથા અન્ય સાહિત્ય તેની સંપૂર્ણ વિગત સાથે મોકલાવવાનું રહેશે. ઉમેદવાર જે વિસ્તાર કે શહેરમાં રહેતા હોય ત્યાંના સ્થાનિક મહાજનશ્રીનો ભલામણ પત્ર તથા ફોર્મમાં સહી-સિક્કા અનિવાર્ય છે. શ્રી લોહાણા મહાપરિષદની પસંદગી સમિતિ દ્વારા નક્કી થયે ઉમેદવારને આ અંગે ફોન અને ઈમેલથી જાણ કરી ડિસેમ્બર-૨૦૧૮ માં યોજાનાર કારોબારી / મધ્યસ્થ મહાસમિતિની બેઠકની સાથે સાથે આંતરરાષ્ટ્રીય એવોર્ડ એનાયત સમારોહનું આયોજન કરી આ તમામ વિજેતાઓને સન્માનિત કરી એવોર્ડ અર્પણ કરવામાં આવશે. વર્ષ ૨૦૧૮ માટેનું ફોર્મ તા. ૧ સપ્ટેમ્બર, ૨૦૧૮ ના રોજ શ્રી લોહાણા મહાપરિષદની વેબસાઈટ **www.lohanamahaparishad.org** પર મૂકવામાં આવશે. સંપૂર્ણ વિગતો સાથે ફોર્મ જમા કરાવવાની છેલ્લી તારીખ ૧૫ ઓક્ટોબર, ૨૦૧૮ રહેશે.

**૧) શ્રેષ્ઠ રઘુવંશી યુવા પ્રતિભા એવોર્ડ**

પ્રેરક : સ્વ. શ્રી વિજયભાઈ જમનાદાસ વડેરા
(હ. વડેરા પરિવાર, ગોંદિયા)

રઘુવંશી સમાજના ઉભરી રહેલા યુવા ધનને પ્રોત્સાહન મળે તેવા શુભ આશયથી દર વર્ષે આ આંતરરાષ્ટ્રીય એવોર્ડ એનાયત કરવામાં આવે છે. અંદાજિત ૩૦ વર્ષ સુધીના યુવાન ભાઈ-બહેનોએ સામાજિક ક્ષેત્રે, રાજકીય ક્ષેત્રે, ધાર્મિક ક્ષેત્રે કે અન્ય કોઈ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિઓ મેળવેલ હોય તેવા ઉમેદવારો આ એવોર્ડ માટે અરજી કરી શકે છે.

**૩) શ્રેષ્ઠ રઘુવંશી વ્યાપારી પ્રતિભા એવોર્ડ**

પ્રેરક : સ્વ. શ્રી તલકશીભાઈ દલછારામ કોટક ચેરીટેબલ ટ્રસ્ટ
(હ. શ્રી પ્રવિણભાઈ કોટક તથા શ્રી જયેશભાઈ કોટક)

શૂન્યમાંથી સર્જન કરી વેપારી ક્ષેત્રે નામના મેળવેલા અને સાથે સાથે સામાજિક ક્ષેત્રે પણ યોગદાન આપતા રઘુવંશી જ્ઞાતિશ્રેષ્ઠીઓને આ એવોર્ડ એનાયત કરવામાં આવે છે.

**૫) શ્રેષ્ઠ રઘુવંશી બાળ પ્રતિભા એવોર્ડ**

પ્રેરક : શ્રીમતી શાંતાબેન વ્રજદાસ દત્તાણી
(હઃ દત્તાણી ફાઉન્ડેશન ટ્રસ્ટ, કોલકાતા/મુંબઈ)

દસ વર્ષ કે તેથી ઓછી ઉંમરના બાળકોને સંગીત, કલા, સાહિત્ય, રમતગમત કે અન્ય વિશિષ્ટ ક્ષેત્રે મેળવેલી સિદ્ધિઓ બદલ બાળકને પ્રોત્સાહિત કરવા માટે આ એવોર્ડ એનાયત કરવામાં આવે છે.

**૨) શ્રેષ્ઠ રઘુવંશી વરિષ્ઠ નાગરિક પ્રતિભા એવોર્ડ**

પ્રેરક : જ્ઞાતિશ્રેષ્ઠી સ્વ. શ્રી જયંતિભાઈ ગોવિંદજી કુંડલીયા

ભારતના નાગરિક તરીકે અને સભ્ય સમાજ માટે થયેલી વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓને ધ્યાનમાં લઈ રઘુવંશી સભ્યને આ એવોર્ડ એનાયત કરવામાં આવે છે.

**૪) શ્રેષ્ઠ રઘુવંશી સંશોધક પ્રતિભા એવોર્ડ (શોધ - સંશોધન)**

પ્રેરક : સ્વ. શ્રી સુશીલાબેન હરીભાઈ ઠક્કર
(હ. શ્રી ઉમંગભાઈ હરિભાઈ ઠક્કર)

પોતાના કૌશલ્ય અને શૈક્ષણિક કારકિર્દી થકી કોઈપણ ક્ષેત્રમાં શોધ અને સંશોધન થકી નામના મેળવનાર રઘુવંશીને આ એવોર્ડ એનાયત કરવામાં આવે છે.

**૬) શ્રેષ્ઠ રઘુવંશી સાહસિક પ્રતિભા (સાહસ/રમતગમત) એવોર્ડ**

પ્રેરક : શ્રી પ્રફુલ્લભાઈ સેજપાલ પરિવાર (કુન્નુર)

જાહેર જીવનમાં તેમજ સામાજિક ક્ષેત્રે કોઈ પણ પ્રકારના સાહસિક પગલાં લઈ સેવાના વિશેષ કાર્યો અથવા સાહસિક રમતગમત ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરવા બદલ આ એવોર્ડ એનાયત કરવામાં આવે છે.



૭) **શ્રેષ્ઠ રઘુવંશી વ્યવસાયિક પ્રતિભા એવોર્ડ**
પ્રેરક : સ્વ. શ્રીમતી પાર્વતીબેન નરસીદાસ કાથરાણી
(હ. શ્રી મણિલાલ એન. કાથરાણી)
વિજ્ઞાન અને ટેકનોલોજીનો ઉપયોગ કરી કૌટુંબિક વ્યવસાયને અથવા નાના પાયા પર શરૂ થયેલા વ્યવસાયને ઉચ્ચત્તમ કક્ષાએ લઈ જઈ સુવિખ્યાત બનાવવા બદલ આ એવોર્ડ એનાયત કરવામાં આવે છે.

૯) **શ્રેષ્ઠ રઘુવંશી કન્યા / કુમાર છાત્રાલય એવોર્ડ**
પ્રેરક : મજીઠીયા ફાઉન્ડેશન ટ્રસ્ટ
(હ. શ્રી નવિનભાઈ મજીઠીયા)
સુંદર વ્યવસ્થા, સંચાલન અને વિવિધ પ્રકારની ઈત્તર પ્રવૃત્તિઓ દ્વારા રઘુવંશને સંગઠનને પણ મજબૂતી આપતા સુંદર છાત્રાલયોને આ એવોર્ડ એનાયત કરવામાં આવે છે.

૧૧) **શ્રેષ્ઠ રઘુવંશી નારી ગૌરવ પ્રતિભા એવોર્ડ**
પ્રેરક : શ્રીમતી કમલબેન કિશોરભાઈ ભજીયાવાલા (વડેરા), સુરત પ્રેરિત
(સંઘર્ષ ગાથા આધારિત)
હસ્તે : કિશોરભાઈ મંગળજીભાઈ ભજીયાવાલા
સામાજિક ઉત્થાન માટે વિશેષ પ્રકારની ઝુંબેશ, અભિયાન કે સંઘર્ષ કરી પ્રગતિ કરેલ મહિલા સભ્યને આ એવોર્ડ એનાયત કરવામાં આવે છે.

૧૩) **રઘુવંશી મહર્ષિ એવોર્ડ**
શ્રી જલારામ સેવા ટ્રસ્ટ, બેંગ્લોર
રઘુવંશી સમાજને આધ્યાત્મિક, ધાર્મિક અને સેવાકીય બળ પૂરું પાડનાર ઋષિ સમાન વ્યક્તિત્વને આ એવોર્ડ એનાયત કરવામાં આવે છે.

૧૫) **શ્રેષ્ઠ રઘુવંશી માનવ સેવા પ્રતિભા એવોર્ડ**
શ્રી દક્ષા દિપક વાઘાણી ટ્રસ્ટ
નિઃસ્વાર્થ ભાવે માનવ સેવાની પ્રવૃત્તિઓ કરતા વ્યક્તિત્વને આ એવોર્ડ એનાયત કરવામાં આવે છે.

**જય જલારામ**
**જય રઘુવંશ**
**જય મહાપરિષદ**

૮) **શ્રેષ્ઠ રઘુવંશી કલા પ્રતિભા એવોર્ડ**
પ્રેરક : મજીઠીયા ફાઉન્ડેશન ટ્રસ્ટ
(હ. શ્રી નવિનભાઈ મજીઠીયા)
કલા, સંગીત, નૃત્ય, ફોટોગ્રાફી કે આ પ્રકારના અન્ય ક્ષેત્રોમાં આગવું પ્રદર્શન કરવા બદલ આ એવોર્ડ એનાયત કરવામાં આવે છે.

૧૦) **શ્રેષ્ઠ રઘુવંશી ગૌસેવા કેન્દ્ર / ગૌસેવક એવોર્ડ**
પ્રેરક : પ. પૂ. પ્રાતઃ સ્મરણીય સંત શ્રી હરીરામ બાપા પ્રેરિત
(શ્રી હરીરામ સેવા કેન્દ્ર, અમદાવાદ)
ભારતીય સંસ્કૃતિની ધરોહર એવી ગૌમાતાના સંવર્ધન માટે વિવિધ પ્રકારે કાર્ય કરતા વ્યક્તિઓ કે સંસ્થાને આ એવોર્ડ એનાયત કરવામાં આવે છે.

૧૨) **શ્રેષ્ઠ રઘુવંશી વિશિષ્ટ પ્રતિભા એવોર્ડ**
પ્રેરક : મજીઠીયા ફાઉન્ડેશન ટ્રસ્ટ (હ. શ્રી નવિનભાઈ મજીઠીયા)
(વિશિષ્ટ સેવા - વિશિષ્ટ પ્રવૃત્તિ)
સામાજિક ક્ષેત્રે પદાર્પણ કરી રઘુવંશનું નામ રોશન કરવા બદલ આ એવોર્ડ એનાયત કરવામાં આવે છે.

૧૪) **શ્રેષ્ઠ લોહાણા મહાજન એવોર્ડ**
શ્રી કિશોરભાઈ આથા પરિવાર (આથા ગ્રુપ)
વિવિધ સેવાકીય તથા રચનાત્મક પ્રવૃત્તિઓ કરી સમાજના તમામ પરિવારોને સાથે રાખી વિવિધ પ્રવૃત્તિઓ કરતા મહાજનને આ એવોર્ડ એનાયત કરવામાં આવે છે.

૧૬) **શ્રેષ્ઠ રઘુવંશી મહિલા પ્રતિભા એવોર્ડ**
પ્રેરક : શેઠ શ્રી કિશોરભાઈ મંગળજીભાઈ ભજીયાવાલા (વડેરા), સુરત પ્રેરિત
હસ્તે : જીજ્ઞેશભાઈ કિશોરભાઈ ભજીયાવાલા
સમસ્ત રઘુવંશી મહિલાઓ માટે ગૌરવરૂપ કાર્યો કોઈપણ ક્ષેત્રે કરનાર મહિલા પ્રતિભાને આ એવોર્ડ એનાયત કરવામાં આવે છે.

૧૭) **શ્રેષ્ઠ રઘુવંશી પત્રકારત્વ એવોર્ડ**
સુશ્રી મંગળાબેન હસમુખભાઈ કારીયા, વી.વી.નગર પ્રેરિત
હસ્તે : તેજલ પરેશ કારીયા
સમસ્ત રઘુવંશી સમાજ માટે અખબાર જગત મીડીયા અને પ્રેસ સાથે કાર્ય કરતા રઘુવંશી સભ્યોને નિઃસ્વાર્થ, સમાજના ઉત્કર્ષ માટે સમર્પિત અને સમાજના સંગઠન અને વિકાસમાં સેતુરૂપ કાર્ય કરતા પત્રકાર / પ્રકાશક / સંપાદક / તંત્રીને આ એવોર્ડ એનાયત કરવામાં આવે છે.

# વિભાગીય સમાચાર

## વિદર્ભ સહ મધ્ય ભારત



શ્રી લોહાણા મહાપરિષદ વિદર્ભ સહ મધ્યભારત દ્વારા મહાજનશ્રીની મુલાકાતોની શૃંખલામાં વિદર્ભ વિસ્તારના જલગાંવ જામોદ ગામે વિભાગીય ઉપપ્રમુખ શ્રી નરેન્દ્રભાઈ દાવડા એ મહાજનશ્રીની મુલાકાત લીધેલ. જ્ઞાતિશ્રેષ્ઠીઓની એક સભા શ્રી જલારામ મંદિરમાં બોલાવવામાં આવેલ. આ સભામાં મહાજનશ્રીના પ્રમુખ શ્રી અશોકભાઈ પલાણ દ્વારા નરેન્દ્રભાઈ દાવડાનું સ્વાગત કરવામાં આવેલ. માનદમંત્રી શ્રી સુરેશભાઈ ઉનડકટ દ્વારા જલગાંવ જામોદ મહાજન શ્રી કાર્યપ્રણાલીની જાણકારી આપેલ. મહાપરિષદના ઉપપ્રમુખ શ્રી નરેન્દ્રભાઈ દાવડાએ મહાપરિષદની સંપૂર્ણ યોજનાઓની જાણકારી સભામાં આપેલ.

નરેન્દ્રભાઈએ ફક્ત ૫૦ પરિવારોનું આ મહાજન સુચારૂરૂપે ચાલે છે, તથા કોઈપણ જાતના મોટા કાર્યો બધા મળીને પાર પાડે છે, તે માટે મહાજનની પ્રશંસા કરે. આ સભામાં સુરેશભાઈ ઉનડકટ, શરદભાઈ નથવાણી, વિનોદભાઈ ઉનડકટ, તેમજ શ્રી જલારામ મંદિર જલગાંવ જામોદના પ્રમુખ નીતીનભાઈ પલાણ ઉપાધ્યક્ષ કિશોરભાઈ પલણ, સચિવ શ્રી રાજેશભાઈ કોટેચા, શ્રી દિલીપભાઈ બુધ્ધદેવ, શ્રી જયેશ નથવાણી, શ્રી સુરેશભાઈ ઉનડકટ, શ્રી દિપકભાઈ નથવાણી ઉપસ્થિત રહ્યા હતા.



શ્રી જલારામ મંદિર દ્વારાપન નરેન્દ્રભાઈ દાવડાનું શાલ-શ્રીફળથી સ્વાગત કરવામાં આવેલ. મહાજનશ્રીના પ્રમુખ દ્વારા અશોકભાઈ પલણ દ્વારા પ્રથમ જ મહાપરિષદના કોઈ ઉપપ્રમુખ દ્વારા



મહાજનને ભેટ આપેલ.

તેમણે શ્રી લોહાણા મહાપરિષદની જે યોજનાઓ નરેન્દ્રભાઈ દ્વારા સભામાં આપેલ. તેમાં શિક્ષણ અને આરોગ્યની જાણકારી મળેલ તેનો લાભ સમાજને મળશે એવી આશા કરેલ. સભાનું સંચાલન વિભાગીય માનદ્‌મંત્રી શ્રી કમલેશભાઈ વસાણી દ્વારા કરવામાં આવેલ.

**- કમલેશ વસાણી, નાગપુર**

# ઉત્તર પૂર્વ વિભાગ



શ્રી લોહાણા મહાપરિષદ ઉત્તર પૂર્વ વિભાગના થેલેસેમિયા વિભાગના ઉપાધ્યક્ષ શ્રી હરીશભાઈ ઠક્કર તથા કલકત્તા મુકામે યોજાયેલ મધ્યસ્થ મહાસમિતિની સભાના સ્વાગત પ્રમુખ શ્રીમતી ભારતીબેન હરીશભાઈ ઠક્કર દ્વારા ૨૨મા રક્તદાન શિબિરનું આયોજન તા. ૧૦-૬-૨૦૧૮ ને રવિવાર શ્રી કલકત્તા ગુજરાત સમાજના વાતાનુકુલ સભાગૃહમાં કરવામાં આવેલ. આ વર્ષે કલકત્તાની બે નામાંકિત બ્લડ બેંકને બોલાવવામાં આવી હતી. લાયન્સ બ્લડ બેંક તથા ભોરુકા બ્લડ બેંક સવારે ૯.૩૦ કલાકે બન્ને બ્લડ બેંક આવી અને તૈયારી શરૂ કરી. સવારે ૧૦.૦૦ વાગે ઉત્તર પૂર્વ વિભાગના ઉપપ્રમુખ શ્રી વિનોદભાઈ ઑંધિયા, શ્રી હરીશભાઈ ઠક્કર, શ્રી પરસોત્તમભાઈ પારેખ, શ્રીમતી ભારતીબેન હરીશભાઈ ઠક્કર દ્વારા હાજર રહેલ મહેમાનોની હાજરીમાં દીપ પ્રાગટ્ય કરી રક્તદાન શિબિરનું શુભારંભ કરવામાં આવેલ. આ પ્રસંગે શ્રી લોહાણા મહાપરિષદના ટ્રસ્ટી શ્રી રવિન્દ્રભાઈ વાધાણી તેમજ રાષ્ટ્રીય અધ્યક્ષ પીઆરઓ શ્રી હીરાલાલભાઈ રાજાએ હાજર રહી રક્તદાતાઓને બિરદાવી પ્રોત્સાહિત કર્યા હતા. આ રક્તદાન શિબિરમાં કુલ ૯૮ યુનિટ બ્લડ દાતા દ્વારા આપવામાં આવેલ. આ રક્તદાન શિબિરમાં જમા કરવામાં આવેલ દર વર્ષ મુજબ સંપૂર્ણ બ્લડ થેલેસેમિયાના જરૂરિયાતમંદ દર્દી માટે ઉપયોગમાં લેવામાં આવશે.







## મહિલા સમિતિ

### મુંબઈ સહ મહારાષ્ટ્ર વિભાગ

શ્રી લોહાણા મહાપરિષદ મુંબઈ સહ મહારાષ્ટ્ર, મહિલા સમિતિ – મુંબઈ દ્વારા તા. ૨૮-૪-૨૦૧૮ શનિવારના રોજ શ્રી ઘોઘારી લોહાણા મહાજન વાડી, અંધેરી (વે.) ખાતે 'સાયબર ક્રાઈમ' અંગે માર્ગદર્શન આપવાનો કાર્યક્રમ યોજાયેલ હતો. કાર્યક્રમની શરૂઆત શ્રી લોહાણા મહાપરિષદ મહિલા વિભાગના રાષ્ટ્રીય ઉપપ્રમુખ શ્રીમતી રશ્મિબેન વિઠલાણી, મુંબઈ સહ મહારાષ્ટ્રના પ્રમુખ શ્રીમતી જ્યોતિબેન ઠક્કર તથા કારોબારીના દરેક સભ્યોએ દીપ પ્રગટાવીને કરી હતી. ત્યારબાદ કાર્યક્રમના સંચાલિકા શ્રીમતી મીના પ્રકાશ મગદાણીએ મંગલગીતનું ગાન કર્યું હતું અને ઉપસ્થિત સર્વે રઘુવંશી બહેનોએ તેમાં સાથ પુરાવ્યો હતો. રાષ્ટ્રીય ઉપપ્રમુખ શ્રીમતી રશ્મિબેન વિઠલાણીને સૌ પ્રથમ મંચ પર સ્થાન આપી મંચની ગરીમા વધારવા માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું. ત્યારબાદ મુંબઈ સહ મહારાષ્ટ્રના પ્રમુખ શ્રીમતી જ્યોતિબેન ઠક્કરને મંચ પર આવીને સ્થાન ગ્રહણ કરવા વિનંતી કરવામાં આવી હતી. મહારાષ્ટ્રના વિવિધ સ્થળોએથી હાજર રહેલા દરેકે દરેક કારોબારી સભ્યોને પણ મંચ પર સ્થાન આપવામાં આવ્યું હતું. શ્રીમતી જ્યોતિબેન ઠક્કરે ઉપસ્થિત સર્વે મહેમાનોનું ઉમળકાભેર સન્માન કરતા જણાવ્યું હતું કે ''સફળ અને સરળ એવા શ્રીમતી રશ્મિબેનના પરિચય માટે તેમની પાસે વધુ શબ્દો જ નથી. અહીં ઉપસ્થિત સર્વે બહેનોને તેમના વ્યક્તિત્વનો પરિચય છે જ.

ત્યારબાદ એડવોકેટ શ્રીમાન વિકી શાહનું સન્માન કરતા જણાવ્યું હતું કે, ''સિક્કાની હંમેશા બે બાજુ હોય છે.'' તેવી જ રીતે આધુનિક ટેક્નોલોજીના



જેમ અનેક ફાયદા છે તેમ તેની સાથે સાથે તેના અનેક ગેરફાયદા પણ છે અને તે ગેરફાયદા વિશેની સંપૂર્ણ સમજ આપણને વિકીભાઈ આપશે અને તેની માટે શું કાળજી લેવી તેની માહિતી પણ તેઓ આપણને આપશે.

આજના આધુનિક યુગમાં જ્યારે સમગ્ર વિશ્વ આપણી હથેળી અને આંગળીના ટેરવા પર આવી ગયું છે. આપણી કોઈ પણ જીવન જરૂરિયાતની વસ્તુઓ જેવી કે કપડાં, ખોરાક, ઘરવખરી, કરિયાણું, ફળો, શાકભાજી, રેલવે ટિકિટ, એર ટિકિટ, સિનેમા ટિકિટ, હોટેલ બુકિંગ વગેરે બધું જ આપણે આપણા હાથના એક રમકડાં મોબાઈલથી કરી શકીએ છીએ. આ ઉપરાંત ફેસબુક, વોટ્સએપ, ઈન્સ્ટાગ્રામ જેવી અનેક સોશિયલ મિડિયાથી આપણા જૂના મિત્રોને શોધી પણ શકીએ છીએ અને એકબીજાના સાનિધ્યમાં રહી પણ શકીએ છીએ. ઉપરાંત આપણી બહાર ફરવા જવાની વિગતો, ફોટા વગેરેને ખુશીથી આપણા મિત્રો સાથે માણી પણ શકીએ છીએ, તો જેમ આ સર્વેના અનેક ફાયદાઓ જોવા મળે છે તેમ તેના ઉપયોગથી અનેક ગેરફાયદા પણ થાય છે જેમ કે ઓનલાઈન ખરીદી કે ઓનલાઈન બેન્કિંગ વ્યવહાર કરતી વખતે ઘણી વખત આપણા ખાતામાંથી પૈસા અજાણી વ્યક્તિ દ્વારા ઉચાપત થાય છે. સોશિયલ મિડિયા વાપરતી વખતે આપણે આપણા વ્યક્તિગત જીવનને અજાણ્યા લોકોના હાથમાં સોંપી દઈએ છીએ અને તેનો તેઓ કેવો દુરઉપયોગ કરે છે એવા અને એવા પ્રકારના બીજા સાયબર ક્રાઈમ આપણી સાથે ન થાય અને તે ન થાય તેની માટેની કાળજી વિશેની વિસ્તૃત સમજણ શ્રી વિકીભાઈ શાહ એ ત્યાં ઉપસ્થિત સર્વે બહેનોને આપતા જણાવ્યું કે ''આજના સમયમાં મોબાઈલ એક નાના બાળકથી માંડીને વયસ્ક નાગરિકના હાથનું એક રમકડું બની ગયો છે પરંતુ એ પણ ખૂબ જ જરૂરી છે કે આ રમકડું રમતી વખતે કેટલી સાવચેતી રાખવી પાસવર્ડ નાખવો જરૂરી છે જેથી તમારો ફોન કોઈ પણ અનલોક ન કરી શકે. ખાસ કરીને આપણી દિકરીઓએ પોતાના ફોટા, વિગતો ફેસબુક પર કે મિડિયા પર મુકતી વખતે ખૂબ જ સાવચેતી રાખવી જરૂરી છે જેથી તેનો ગેરઉપયોગ ન થાય. આવી તો અનેક નાની-નાની બાબતોની વિસ્તૃત જાણકારી આપી અને તેની માટે શું કાળજી લેવી તેના વિશેની પણ વિસ્તૃત રીતે સમજણ આપી અને ઉપરાંત ત્યાં ઉપસ્થિત સર્વે બહેનોના દરેક પ્રશ્નોના સંતોષજનક જવાબો પણ આપ્યા અને તેમને હવે પછી પણ જો કોઈપણ પ્રશ્નોના જવાબો જોઈતા હોય તો પોતાના મોબાઈલ નંબર તથા ઇ-મેઈલ એડ્રેસ પર સંપર્ક કરવા જણાવ્યું. વધારામાં કાયદા બાબતની જાણકારી આપતા જણાવ્યું કે જો ક્યારેય પણ ભવિષ્યમાં તમારી સાથે આવો કોઈ પણ જાતનો ક્રાઈમ થાય તો તેની યથાસંભવ તુરંત પોલીસને જાણ કરવી જરૂરી છે.

શ્રીમતી જ્યોતિબેન ઠક્કર દ્વારા ત્યારબાદ આભારવિધિ સંપન્ન કરવામાં આવી હતી જેમાં તેમણે એડવોકેટ શ્રી વીકીભાઈ શાહને ભેટ અર્પણ કરી શ્રીમતી રશ્મિબેન વિઠલાણીને મેમેન્ટો ભેટ કરી હૃદયપૂર્વક તેમને તથા શ્રી ઘોઘારી લોહાણા મહાજનનો આભાર માન્યો. ઉપસ્થિત સર્વે મહેમાનોનો પણ હૃદયપૂર્વક આભાર માન્યો. મુંબઈના, કારોબારી સભ્યોનો તેમણે કરેલ ઉત્તમ કામગીરી બદલ ઉપરાંત સંચાલિકા મીનાબેન મગદાણીનો તેમના સંચાલન બદલ હૃદયપૂર્વક આભાર માન્યો હતો. ત્યારબાદ શ્રીમતી રશ્મિબેન વિઠલાણીએ પણ તેમને આપવામાં આવેલ સન્માન માટે શ્રીમતી જ્યોતિબેનનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો અને વધુમાં તેમણે ઉપસ્થિત સર્વે બહેનો, મહારાષ્ટ્રના વિવિધ સ્થળોએથી પધારેલ મહેમાનો, મુંબઈ સમિતિના કારોબારી સભ્યો, સંચાલિકા મીનાબેન મગદાણીનો તથા એડવોકેટ શ્રી વીકીભાઈ શાહનો પણ આભાર વ્યક્ત કર્યો હતો.

આ કાર્યક્રમમાં શ્રી લોહાણા મહાપરિષદ મહિલા વિભાગના રાષ્ટ્રીય ઉપપ્રમુખ શ્રીમતી રશ્મિબેન વિઠલાણી, મુંબઈ સહ મહારાષ્ટ્રના પ્રમુખ શ્રીમતી જ્યોતિબેન ઠક્કર, શ્રી ઘોઘારી લોહાણા મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી ઉષાબેન વજાણી, વાશીથી શ્રીમતી ભાવનાબેન તથા શ્રીમતી શિલ્પાબેન, પૂનાથી શ્રીમતી અવનીબેન તથા શ્રીમતી કીર્તિબેન, થાણાથી શ્રીમતી વાસંતીબેન, બદલાપુરથી શ્રીમતી માલતીબેન, ડોંબિવલીથી શ્રીમતી રીટાબેન તથા શ્રીમતી જયશ્રીબેન, મુંબઈથી શ્રીમતી રજનીબેન સાયાણી, શ્રીમતી અનસુયાબેન ઠક્કર, શ્રીમતી માધવી સોમૈયા, શ્રીમતી શોભાબેન સુબા, શ્રીમતી નેહાબેન ઠક્કર તથા સંચાલિકા શ્રીમતી મીનાબેન મગદાણીએ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

**સંકલન : મીનાબેન મગદાણી**

# સ્થાયી સમિતિઓના અહેવાલ

## પર્યાવરણ સમિતિ

## પાણી બચાવો, જીવન બચાવો



તા.૩-૭-૧૮ ના રોજ શ્રી લોહાણા મહાપરિષદ પર્યાવરણ સમિતિ તથા શ્રી જલારામ સત્સંગ મંડળ, અમરાવતીના ભક્તિધામ મંદિર ખાતે વૃક્ષારોપણ કરવામાં આવેલ. ભૂતપૂર્વ પાર્ષદ શ્રીમતી રશ્મિ નાવંદર, શ્રી લોહાણા મહાપરિષદ, શ્રી લોહાણા મહાજન, લોહાણા નવયુવક મંડળ, શ્રી જલારામ સત્સંગ મંડળ તથા શ્રી જલારામ મહિલા મંડળના પ્રતિનિધિઓ દ્વારા ૧૦૧ વૃક્ષોનું રોપણ કરેલ.



તા.૮-૭-૧૮ ના રોજ ગોવા ખાતે એક સ્કૂલમાં શ્રી લોહાણા મહાપરિષદ, દક્ષિણ વિભાગના ઉપાધ્યક્ષ શ્રી મુકેશભાઈ સાગલાણી તથા ગોવાના પૂર્વ મુખ્યમંત્રી શ્રી દિગમ્બર કામત દ્વારા વનમહોત્સવ દરમિયાન વૃક્ષારોપણ તથા વૃક્ષરોપ વિતરણ કરવામાં આવેલ અને બાળકોને પર્યાવરણ સંરક્ષણ માટે પ્રેરિત કરવામાં આવેલ.



તા.૯-૭-૧૮ ના રોજ શ્રી નરેશભાઈ ઠક્કર, પ્રમુખ શ્રી અંક્લેશ્વર લોહાણા મહાજન અને પર્યાવરણ પ્રેમીઓ દ્વારા અંક્લેશ્વર ખાતે વૃક્ષારોપણ કરવામાં આવેલ.

તા. ૧૩-૭-૧૮ ના રોજ થાણે (મુંબઈ સહ મહારાષ્ટ્ર) વિભાગ 'કારનામા' કાર્યક્રમ અંતર્ગત પર્યાવરણ સમિતિના શ્રી વાસંતીબેન ગોકાણી તથા શ્રી ભારતીબેન પરમાણી દ્વારા સૌને તુલસીના રોપાનું વિતરણ કરવામાં આવેલ.



તા. ૨૨-૭-૧૮ ના રોજ અંક્લેશ્વર લોહાણા મહાજન તથા બાઈસીકલ ક્લબ દ્વારા યોજાયેલા વૃક્ષારોપણ કાર્યક્રમમાં દરેકે ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ. શ્રી લોહાણા મહાપરિષદ, પર્યાવરણ સમિતિના અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણી તથા રાષ્ટ્રીય સહમંત્રી શ્રી ભરતભાઈ અખાણી આ કાર્યક્રમમાં હાજર રહેલ. દરેક પર્યાવરણ પ્રેમી અંક્લેશ્વરવાસીઓએ પર્યાવરણ બચાવવા અંગેના કાર્યક્રમો સતત ચાલુ રાખી અંક્લેશ્વરને હર્યુભર્યું બનાવવું. પ્લાસ્ટિક મુક્ત બનાવવું. પાણી બચાવવા દરેક ઘરમાં વોટર હાર્વેસ્ટીંગ સીસ્ટમ બનાવવા રૂફ ટોપ સોલર પેનલ લગાડવા તથા અન્ન બચાવોના ઉપાયો કરવાનું નક્કી કરેલ. શ્રી અંક્લેશ્વર લોહાણા મહાજન તરફથી નરેશભાઈ પુજારા (પ્રમુખ) શ્રી તેમજ અન્ય હોદ્દેદારો શ્રી બકુલભાઈ, ઈલાબેન, રમેશભાઈ, વસંતભાઈ, દીપકભાઈ વિગેરે હાજર રહી વૃક્ષારોપણ કર્યું. પર્યાવરણ પ્રેમી મહિલાઓ અને બાળકોએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ.





તા.૨૯-૭-૧૮ ના રોજ પર્યાવરણ સમિતિ, શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા ગોતા ખાતે ફ્લાવર પ્લાન્ટેશનનો નવતર કાર્યક્રમ રાખવામાં આવેલ. આ કાર્યક્રમમાં પર્યાવરણ સમિતિના અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણી, રાષ્ટ્રીય સહમંત્રી, શ્રી ભરતભાઈ અખાણી, શ્રી લોહાણા મહાપરિષદના સંયુક્ત મંત્રી શ્રી અંજનભાઈ કોટક, પર્યાવરણ સમિતિ ગુજરાત વિભાગ ઉપાધ્યક્ષ શ્રી નિલેશભાઈ ઠક્કર, મંત્રી શ્રી નરોત્તમભાઈ ઠક્કર, રાષ્ટ્રીય કારોબારી સભ્યો શ્રી અલ્પેશભાઈ ગોવાણી, શ્રી હિતેનભાઈ ઠક્કર, ગુજરાત વિભાગના કારોબારી સભ્ય શ્રી મુકેશભાઈ ઠક્કર તથા આઈ.સી.બી. ફ્લોરાના રહીશો તથા ચેરમેન શ્રી પ્રહલાદભાઈ પટેલ, શ્રી ચેતનભાઈ પટેલ તથા વિજયભાઈ સોની, શ્રી નિરવભાઈ ઠક્કર, શ્રી પ્રાણલાલભાઈ અખાણી, શ્રી ભાવેશભાઈ ઠક્કર તથા સોસાયટીની મહિલાઓ, સીનિયર સીટીઝનશ્રીઓ, બાળકો સહિત ૧૦૦થી વધુ સભ્યો હાજર રહેલ. પર્યાવરણ સમિતિ શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા ૮૦ ફુલછોડ તથા ૨૦ તુલસીના રોપ ભેટ આપેલ તથા તેમનું પ્લાન્ટેશન વિવિધ સભ્યો દ્વારા કરવામાં આવેલ.



- કિરીટ ભિમાણી, અધ્યક્ષ

# શ્રી લોહાણા મહાપરિષદ

Registered under B.P.T. Act 1950 No. A/2119

મધ્યસ્થ કાર્યાલય : ઈસ્કોન મેગા મોલ, સેલર, એક્ઝીટ ગેટ પાસે, ઈસ્કોન મંદિરની બાજુમાં,
એસ. જી. હાઈવે, અમદાવાદ-૩૮૦૦૫૯. ફોન : +૯૧ ૭૯ ૪૦૦૯૧૦૦૫, ૯૯૦૯૯૯૯૩૦૯
Email : jaymahaparishad@gmail.com • Website : www.lohanamahaparishad.org

ઉમંગ એચ. ઠક્કર (વરિષ્ઠ ઉપપ્રમુખ) • પ્રવિણ ટી. કોટક (પ્રમુખ) • હિમાંશુ બી. ઠક્કર (મંત્રી) • પિયુષ જી. ગંઠા (મંત્રી)

શ્રી કે. સી. ઠક્કર માધવ હાયર એજ્યુકેશન ટ્રસ્ટ પ્રેરિત

## ઉચ્ચ અભ્યાસ શૈક્ષણિક સહાય ફોર્મ

મુખ્ય સહયોગી : શ્રી ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટ તથા શ્રી ધર્મેશભાઈ એચ. હરિયાણી

વિદ્યાર્થીનું નામ : ______________________________

નામ પિતાનું નામ અટક

મૂળ વતન : ______________ જન્મ તારીખ : ______________

સંપૂર્ણ પોસ્ટલ સરનામું : ______________________________

______________________________

ફોન : મો. ______________ ફોન : રેસી. ______________

ઈમેલ : ______________________________

મારી અંદાજિત આર્થિક જરૂરિયાત અંકે રૂા. .............................. (શબ્દોમાં) ..............................

.............................. છે.

જે અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવાનો હોય તે ડિગ્રી / કોર્સનું નામ ..............................

પ્રવેશ માટે અપેક્ષિત કોલેજ કે સંસ્થાનું નામ ..............................

અભ્યાસક્રમની ફી અંગેની સંપૂર્ણ વિગત ..............................

તારીખ : ______________ અરજદારની સહી ______________

વાલીની સહી ______________

- થેલેસેમિયા ડિટેક્શન ટેસ્ટ (Please Tick) : નોર્મલ [ ] માયનોર [ ]
- કુટુંબની વિગત : ફેમીલી સંયુક્ત / વિભક્ત [ ]

| સંબંધ | | સંપૂર્ણ નામ | ગામ | ઉંમર પ્રોફેશનલ જોબ | વ્યવસાય | આવક નોન ટેક્ષ પેયર | ઈન્કમટેક્ષ પેયર |
|---|---|---|---|---|---|---|---|
| પિતા | | | | | | | |
| માતા | | | | | | | |
| ભાઈ | ૧ | | | | | | |
| | ૨ | | | | | | |
| | ૩ | | | | | | |
| બહેન | ૧ | | | | | | |
| | ૨ | | | | | | |
| | ૩ | | | | | | |
| અન્ય | | | | | | | |
| | | | | | | | |

- અરજદારના અગાઉના શિક્ષણની વિગત

| | ધોરણ | વિષય | વર્ષ | રીઝલ્ટ ગ્રેડ % | નામ સ્કુલ / કોલેજ / યુનિવર્સિટી |
|---|---|---|---|---|---|
| સ્કુલ | 10 | | | | |
| | 11 | | | | |
| | 12 | | | | |
| કોલેજ | FY | | | | |
| | SY | | | | |
| | TY | | | | |
| હાયર | | | | | |
| | | | | | |

અન્ય સંસ્થા દ્વારા કોઈ સહાય મેળવેલ હોય તો તેની વિગત : ______________________

______________________

______________________

## મહાજનશ્રીનો ભલામણ પત્ર

પ્રમુખશ્રી / મંત્રીશ્રી,

શ્રી લોહાણા મહાપરિષદ.

.............................................................................................................

.............................................................................................................

.............................................................................................................

.............................................................................................................

.............................................................................................................

.............................................................................................................

સહી કરનારના મોબાઈલ નંબર

મહાજનના પ્રમુખ / મંત્રીની સહી

મહાજનનો સ્ટેમ્પ

## ભલામણ કરનાર બે સગા / સદગૃહસ્થ કે મહાજન શ્રેષ્ઠી

અરજદાર તથા તેમના કુટુંબને અમે સારી રીતે ઓળખીએ છીએ. તેમની આર્થિક સ્થિતિ નબળી છે. તેમના બાળકોને ભણાવવા માટે તેમને સહાયની જરૂર છે તો અરજદારને સહાય આપવા અમે ભલામણ કરીએ છીએ.

૧) નામ : ____________________

અટક નામ પિતાનું નામ

સંપૂર્ણ પોસ્ટલ સરનામું : ____________________

____________________

ફોન : ઓ. રેસી. મો. ____________________

ઈમેઈલ આઈ.ડી. ____________________

અરજદારના સગા હોય તો તેની વિગત : ____________________

સ્થાનિક મહાજનના હોદ્દેદાર હોય તો તેની વિગત : ____________________

સહી :

૨) નામ : ____________________

અટક નામ પિતાનું નામ

સંપૂર્ણ પોસ્ટલ સરનામું : ____________________

____________________

ફોન : ઓ. રેસી. મો. ____________________

ઈમેઈલ આઈ.ડી. ____________________

અરજદારના સગા હોય તો તેની વિગત : ____________________

સ્થાનિક મહાજનના હોદ્દેદાર હોય તો તેની વિગત : ____________________

સહી :

## જરૂરી સૂચનાઓ

(૧) ફોર્મ સંપૂર્ણ અને સુવાચ્ય અક્ષરે ભરીને આપવાનું રહેશે.

(૨) ફોર્મ સાથે (૧) અરજીપત્રક (ફેમીલીના કુલ સભ્યો તથા કમાનાર સભ્યોની વિગત સાથે) (૨) કુટુંબમાં કુલ કમાનાર વ્યક્તિઓની આવકનું પ્રમાણપત્ર (૩) રહેઠાણનું છેલ્લા છ મહિનાના વિજળી બીલ (૪) હાલમાં લીધેલ એડમીશનનો પુરાવો (૫) હાલમાં ભરેલ ફીની રસીદ (૬) પાન કાર્ડની ઝેરોક્ષ (૭) બેન્ક પાસબુકની પહેલા પાનાની ઝેરોક્ષ (૮) રેશનીંગ કાર્ડની ઝેરોક્ષ વગેરે જોડવાનું રહેશે.

(૩) એજ્યુકેશનના દરેક વર્ષની માર્કશીટની સેલ્ફ અટેસ્ટેડ કોપી સાથે જોડવાની છે.

(૪) કુટુંબની વિગતોમાં જે કઈ વધારાની વ્યક્તિ હોય તો કાગળ એટેચ કરીને જણાવવી. દા.ત. કાકા / પિતાના મોટા ભાઈ સાથે રહેતા હોય તો તેની સંપૂર્ણ વિગત દાદા / દાદી સાથે રહેતા હોય તો તેની સંપૂર્ણ વિગત દરેક ફેમીલી મેમ્બરની જો આવક હોય તો તેની સંપૂર્ણ વિગત.

(૫) થેલેસેમિયા પરીક્ષણ કરાવેલ હોય તો તેનું સર્ટીફિકેટની ઝેરોક્ષ સેલ્ફ અટેસ્ટેડ.

(૬) વધારાની કોઈ પણ વિગત જણાવવાની હોય તો તે એક પત્ર સાથે જોડાણ કરવો.

(૭) શ્રી લોહાણા મહાપરિષદમાંથી મળતી સહાય તમો દર વર્ષે મેળવી છે ? જો હા તો તેની વર્ષવાર વિગત જણાવવી.

(૮) શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા કોલેજના સ્નાતક કે અનુસ્નાતક કક્ષાના અભ્યાસ માટે ફક્ત કેન્દ્ર તથા રાજ્ય સરકાર માન્ય કોલેજ ફી જ મળવાપાત્ર છે. મેનેજમેન્ટ ક્વોટામાં એડમિશન કે ખાનગી સંસ્થાઓમાં વ્યવસાયિક કે ટ્યુશન ક્લાસીસ ધોરણે ચાલતા અભ્યાસક્રમો અંગેની સહાય મળવાપાત્ર નથી.

## ફક્ત કાર્યાલયના ઉપયોગ માટે

ઈન્ટરવ્યુ / ટેલીફોનિક તપાસ અંગે રીમાર્ક : ____________________

____________________

____________________

મંજૂર કરાયેલ રકમ : ____________________ ઈન્ટરવ્યુની તારીખ : ____________________

ચેકની વિગત : ચેક નં. ____________________ તારીખ ____________________

ચેક કોના નામે લખાયેલ છે? ____________________

અધ્યક્ષ - શિક્ષણ સમિતિ

પ્રમુખ / મંત્રી / ખજાનચીની સહી

# શ્રી લોહાણા મહાપરિષદ શિક્ષણ સમિતિ દ્વારા આઈએએસ, આઈપીએસ, યુપીએસસી, જીપીએસસી માટેનો માર્ગદર્શક પરિસંવાદ વલ્લભ વિદ્યાનગર ખાતે ખૂબ જ સફળતાપૂર્વક સંપન્ન થયો











માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદની શિક્ષણ સમિતિ દ્વારા સમિતિ અધ્યક્ષ શ્રી ધર્મેશભાઈ હરિયાણીના નેતૃત્વમાં, માતૃસંસ્થાના પ્રમુખ માનનીય શ્રી પ્રવિણભાઈ કોટકના અધ્યક્ષસ્થાને, મહામંત્રી શ્રી હિમાંશુ ઠક્કર અને શિક્ષણ સમિતિ હોદ્દેદારો, વિદ્યાનગરની બન્ને છાત્રાલયોના હોદ્દેદારો, આણંદના બન્ને મહાજનોના પ્રમુખ તેમજ હોદ્દેદારોની નિશ્રામાં વલ્લભ વિદ્યાનગરની ખ્યાતનામ તેમજ મહાપરિષદ દ્વારા શ્રેષ્ઠ છાત્રાલય એવોર્ડ પ્રાપ્ત ''શ્રી જલારામ લોહાણા વિદ્યાર્થી ભવન'' ખાતે સંસ્થાના માનદ્‌મંત્રી અને માતૃસંસ્થાના ઉદ્‌ઘોષક તેમજ રઘુકુળ વિશ્વના તંત્રી શ્રી ચંદ્રકાન્ત તન્નાના આમંત્રણ અને સુંદર આયોજનથી ૧૮૦ યુવક-યુવતિઓની બહોળી હાજરીમાં તેઓને IAS, IPS, UPSC, GPSC જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓની પ્રાથમિક સમજથી માંડીને પરીક્ષા પાસ કરવા સુધીનું સુંદર માર્ગદર્શન આપતો પરિસંવાદ જ્ઞાતિના ત્રણ ત્રણ ડેપ્યુટી કલેક્ટર્સ સર્વ શ્રી પંકજભાઈ ઓંધિયા (વડોદરા), શ્રી શૈલેષભાઈ ગોકલાણી (આણંદ) તેમજ શ્રી કલ્પેશભાઈ ઉનડકટ (આણંદ)ના મુખ્ય મહેમાન અને મુખ્ય વક્તા તરીકે અત્યંત સફળતાપૂર્વક સંપન્ન થયો.

કાર્યક્રમની શરૂઆત રઘુવંશી ધ્વજવંદન ગીતથી થયા બાદ ડૉ. નિલેશ સૂચકે સૌને આવકારી આ કાર્યક્રમની પૂર્વભૂમિકા રજુ કરી બકરાના ટોળામાં રહેતા સિંહના બચ્ચાની વાર્તા દ્વારા ઉપસ્થિત સૌ રઘુવંશી યુવાધન સિંહ જેવા છે તેમ સમજાવી આ સ્પર્ધાત્મક પરીક્ષાઓ ક્રેક કરવાનું આહ્‌વાન આપ્યું હતું. ત્યારબાદ મહાપરિષદના માનદ્‌ ઓડિટર અને શિક્ષણ સમિતિના એક્ટિવ સભ્ય અને IAS પરીક્ષા પાસ કરેલ CA શ્રી વસંતભાઈ અનારકટે પોતાના અનુભવો વ્યક્ત કરતા જણાવ્યું કે સિવિલ સર્વિસિસમાં જતા પહેલાં પૂર્વ તૈયારીરૂપે કેટલીક પાયાની બાબતો પૈકી Confidence, Continuity, Consistency ખૂબ જ જરૂરી છે તો સાથે સાથે કારકિર્દી પસંદગી માટે સમય, સંજોગ અને પરિસ્થિતિને પણ ધ્યાનમાં લેવાની શીખ પોતાના અંગત અનુભવમાંથી આપી જણાવ્યું કે મેં IAS પાસ કરી પણ સંજોગો અને રસરૂચિને ધ્યાનમાં લઈને CA નો વ્યવસાય પસંદ કર્યો, પણ હવેના સમયને ધ્યાનમાં રાખી લોહાણા યુવક-યુવતીઓએ સિવિલ સર્વિસિસમાં ઉજળું ભવિષ્ય હોવાની વાત ભારપૂર્વક જણાવી સૌને મહાપરિષદના આ અભિયાનમાં જોડાવા આમંત્રણ આપ્યું હતું.

માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા નવી પેઢીને પથદર્શક બનવા હાથ ધરાયેલ વિવિધ પ્રવૃત્તિઓની જ્ઞાતિના યુવક યુવતિઓને IAS, IPS, UPSC, GPSC જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ પાસ કરવા જરૂરી તમામ સપોર્ટ એ પછી ઈકોનોમિકલ હોય કે ઈમોશનલ હોય, એકોમોડેશનનો હોય કે ગાઈડન્સ તેમજ ટ્રેઈનિંગ હોય આ બધું જ આપવાની નેમ આપણા પ્રમુખશ્રી માન.પ્રવિણભાઈ ધરાવે છે એમ જણાવી માતૃસંસ્થાના યુવાન અને ઉત્સાહી મહામંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે આ સ્પર્ધાત્મક પરીક્ષાઓ પાસ કરવા વિવિધ કૌશલ્યો અને ખાસ કરીને કોમ્યુનિકેશન અને રાઈટીંગ સ્કીલ્સ પર પ્રભુત્વ મેળવવા અંગ્રેજી ભાષા પર માસ્ટરી કેમ મેળવવી તેની વિવિધ ટીપ્સ આપી હતી તો સાથે સાથે મહાપરિષદની વિવિધ પ્રવૃત્તિઓથી પણ સૌને વાકેફ કર્યા હતા.











બે વખત GPSC ની પરીક્ષા પાસ કરી પ્રથમ ફોરેસ્ટ ખાતામાં ક્લાસ વન ઓફિસર અને બીજી વાર પાસ કરીને સીધા ડેપ્યુટી કલેક્ટર તરીકે આણંદમાં પોસ્ટીંગ પામેલા ખુબ જ યુવાન જ્ઞાતિરત્ન શ્રી કલ્પેશભાઈ ઉનડકટે પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે અત્યારે તમારા વિદ્યાર્થીકાળમાં લોકો તમને પ્રશ્ન પૂછશે કે ''શું ભણો છો ?'' અને આજથી પાંચ વર્ષ બાદ લોકો પૂછશે ''શું કરો છો ?'' આ બન્ને પ્રશ્નોની વચ્ચેના પાંચ વર્ષના ગાળામાં જે જે બદલાવો આવે છે તેની સાથે તમે પણ બદલાશો નહિ તો તમે ક્યાંય નહિ ચાલો. વધુમાં તેમણે કહ્યું કે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે પરીક્ષાની તારીખ કે સમય ડિક્લેર થાય તેની રાહ જોવાની ન હોય. પરીક્ષા જ્યારે પણ લેવાય તે સમયે આપણે સંપૂર્ણ તૈયારી સાથે સજ્જ હોવા જોઈએ અને આ માટે અત્યારથી જ સતત અને સઘન વાંચન, વિવિધ સમાચારપત્રો, મેગેઝિન્સ અને રેફરન્સ બુક વાંચતા રહેવું જોઈએ. આ પ્રસંગે તેઓએ ઉપસ્થિત સૌ જ્ઞાતિના યુવક-યુવતીઓને પોતાના તરફથી તમામ પ્રકારની મદદ અને માર્ગદર્શન આપવાની ખાત્રી આપી હતી.

આણંદ ખાતે જ છેલ્લા બે વર્ષથી સ્ટેમ્પ ડ્યુટી વિભાગમાં ડેપ્યુટી કલેક્ટર તરીકે સેવાઓ આપતા શ્રી શૈલેષભાઈ ગોકલાણીએ પોતાના અંગત જીવનની, પોતાના સંઘર્ષ દ્વારા કઈ રીતે LIC ના એક ડેવલપમેન્ટ ઓફિસરથી માંડીને અંગ્રેજીના શિક્ષક, ત્યારબાદ નાયબ મામતલદાર અને પછી ડેપ્યુટી ક્લેક્ટર બન્યા તેની વાત કરી સૌને જણાવ્યું કે સ્પર્ધાત્મક પરીક્ષા પાસ કરી સરકારી ઓફિસર બનવાથી તમને પદ, પૈસો અને પ્રતિષ્ઠા ત્રણેય પ્રાપ્ત થાય છે. એક વ્યક્તિ આખી જિંદગી મહેનત કરી પૈસાદાર અને પ્રતિષ્ઠા પ્રાપ્ત કરે છે અને મોટા સમારોહમાં સ્ટેજ પર બેસતા થાય છે. જ્યારે તમે તમારા પદને આધારે આ લોકોની સાથે જ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરો છો એમ સમજાવી જણાવ્યું કે કરોડપતિ વ્યક્તિ પણ તમારા પદને માન આપે છે અને તમને હંમેશા આ પદ સમાજની આગલી હરોળમાં સ્થાન અપાવે છે.

વડોદરાના એડિશનલ કમિશનર તરીકે ખૂબ મોટી અને જવાબદારી પૂર્વકની ફરજ બજાવતા ડેપ્યુટી કલેક્ટર તેમજ ખૂબ સારા મોટિવેશનલ રાઈટર તેમજ વક્તા શ્રી પંકજભાઈ ઓંધિયાએ વિદ્યાર્થીઓને શીખ આપતા પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે IAS, IPS કે UPSC જેવી પરીક્ષા પાસ કરીને તમે સરકારી ઉચ્ચ હોદ્દા દ્વારા પદ, પૈસો અને પ્રતિષ્ઠા તો પ્રાપ્ત કરો જ છો, પરંતુ સાથે સાથે સામાન્યમાં સામાન્ય અને વંચિત લોકોની સેવા કરવાનું પણ સદભાગ્ય તમને પ્રાપ્ત થાય છે તે સૌથી મોટી વાત છે. તમે તમારી સત્તાનો રચનાત્મક ઉપયોગ કરી તેનો લાભ અપાવી શકો છો તેનાથી મોટી માનવ સેવા આ જગતમાં બીજી કોઈ નથી. આ તકે તેઓએ વિદ્યાર્થીઓને મોટી સંખ્યામાં મહાપરિષદના આ અભિયાનમાં જોડાઈ જવા અપીલ કરી હતી અને માતૃસંસ્થાના આ પ્રોજેક્ટને બિરદાવી પ્રમુખ શ્રી માનનીય પ્રવિણભાઈ કોટક તેમજ શ્રી ધર્મેશભાઈ હરિયાણીને ધન્યવાદ આપી આવી તક નવી પેઢીને આપવાના ઈરાદાને સલામ છે કહી આભાર વ્યક્ત કર્યો હતો અને સાથે સાથે સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉત્તિર્ણ થવા ઇચ્છતા સૌ યુવક-યુવતીઓને વન ટુ વન ઈમેઈલ કે વોટ્સએપ દ્વારા માર્ગદર્શન આપવાની ખાતરી આપી હતી.



શિક્ષણ સમિતિના અધ્યક્ષ અને લોહાણા સમાજમાં દાતા તરીકે જાણીતા બનેલા યુવાન અને નિષ્ઠાવાન શ્રી ધર્મેશભાઈ હરિયાણીએ પોતાના વક્તવ્યમાં મહાપરિષદ શિક્ષણ સમિતિ દ્વારા વિદ્યાર્થીઓને અપાતી શિષ્યવૃત્તિ તેમજ ઉચ્ચ શિક્ષણ માટે અપાતી આર્થિક સહાય તેમજ શિક્ષણ સમિતિની અન્ય વિવિધ

પ્રવૃત્તિઓની વિગતે માહિતી આપતા જણાવ્યું કે અમારા સૌની એક નેમ અને ધ્યેય છે કે આર્થિક સંકળામણને કારણે જ્ઞાતિનો એક પણ દિકરો કે દિકરી ઉચ્ચ અભ્યાસક્રમથી વંચિત ન રહે. અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા ચાર માસમાં મહાપરિષદ ભારતભરના યુવાનોને ઉચ્ચ શિક્ષણ માટે દર મહિને સાત થી આઠ લાખની આર્થિક સહાય આપે છે અને તેમાં વન થર્ડ હિસ્સો એકલા શ્રી ધર્મેશભાઈ હરિયાણી આપે છે, જે ખરેખર સરાહનીય અને ઉદાહરણીય છે. ધર્મેશભાઈ હરિયાણીએ વધુમાં જણાવ્યું કે અમો અમારી દરેકે મીટીંગમાં મુખ્ય એક જ ચર્ચા કરતા હોય છે કે



સમયની માંગ અને પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકના આપણી જ્ઞાતિમાંથી IAS, IPS અને કલેક્ટર બનાવવા શું કરી શકાય. જેના ભાગરૂપે અમે શરૂઆત ભારતભરના વિવિધ વિસ્તારોમાં જઇ પહેલાં નવી પેઢીને Orient કરી Awareness ઊભી કરી Motivate કરવાનું નક્કી કર્યું. એનું આ પહેલું ચરણ વલ્લભવિદ્યાનગર ખાતે ખૂબ જ સફળતાપૂર્વક સંપન્ન થયું છે તે બદલ અહીં ખંત અને ધગશ પૂર્વક ૧૮૦ જેટલી સંખ્યામાં સૌને ભેગા કરી અમોને શ્રી જલારામ લોહાણા વિદ્યાર્થી ભવનમાં આ પરિસંવાદ રાખવાનું આમંત્રણ આપી સૌની સુંદર સરભરા કરી અને આયોજનને સફળ બનાવવા સંસ્થાના માનદ્‌મંત્રી તેમજ મહાપરિષદના ઉદ્‌ઘોષક અને રઘુકુળ વિશ્વના તંત્રી શ્રી ચંદ્રકાન્તભાઈ તન્નાનો આભાર માન્યો હતો.

આ પ્રસંગે શિક્ષણ સમિતિના મેમ્બર અને અમદાવાદના ખૂબ જ ખ્યાતનામ CA શ્રી ભરતભાઈ મોદીએ પણ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં મહાપરિષદ અને શિક્ષણ સમિતિના આ પ્રોજેક્ટને બિરદાવતા જણાવ્યું કે આપણી જ્ઞાતિમાં શિક્ષણનું પ્રમાણ હવે ખૂબ વધ્યું છે, સમાજના લગભગ દરેક ક્ષેત્રમાં જ્ઞાતિના લોકો ડોક્ટર્સ, એન્જિનિયર્સ, વકીલ બન્યા છે પણ સિવિલ સર્વિસમાં આપણા યુવાનો આ પરીક્ષાઓ પાસ કરી સરકારી ઓફિસર બને અને એ રીતે લોહાણા સમાજ અને સમગ્ર માનવ જાતિની સેવા કરે તેવું તેમજ આહવાન આપ્યું હતું. તો સમિતિના અન્ય સભ્ય અને અમદાવાદની ખ્યાતનામ સ્કૂલના પ્રિન્સિપાલ શ્રી નીરવભાઈ ઠક્કરે પણ આવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ પાસ કરવા માટે જુદી જુદી ટીપ્સ આપી ઉપસ્થિત સૌને મોટિવેટ કર્યા હતા.

ત્યારબાદ પોતાના અધ્યક્ષીય ઉદ્‌બોધનમાં માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ માનનીય શ્રી પ્રવિણભાઈ કોટકે પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે હું મહાપરિષદના પ્રમુખ તરીકે વરાયો ત્યારથી મારું આ એક સ્વપ્ન છે કે, આપણી જ્ઞાતિમાંથી IAS Officers તૈયાર થાય. વધુમાં તેમણે કહ્યું કે આપણી જ્ઞાતિ સરકારમાં ચૂંટણી લડીને પ્રતિનિધિત્વ કરી સત્તા પ્રાપ્ત કરે તેવું ઓછું બન્યું છે પરંતુ મિનિસ્ટર કે એમ.એલ.એ. કે પછી એમ.પી. બન્યા વગર પણ સત્તા પ્રાપ્ત કરવી હોય અને એ દ્વારા લોહાણા સમાજની સેવા કરવી હોય તો તમે IAS, IPS કે પછી કલેક્ટર અને ડેપ્યુટી કલેક્ટર અને ડેપ્યુટી કલેક્ટર બનીને કરી શકો છો. જો તમે આવા ઉચ્ચ હોદ્દા ઉપર હશો અને લોહાણા પરિવારનો કોઈ વ્યક્તિ પોતાનું સાચું કામ લઈને આવશે તો તેને સહેજ પણ મુશ્કેલી વગર, ન્યાયિક રીતે એ કામ થઈ જશે અને આ રીતે તમે જ્ઞાતિ વિકાસમાં તમારો સહયોગ આપી શકશો. આ પ્રસંગે તેઓએ શ્રી જલારામ લોહાણા વિદ્યાર્થી ભવનની વ્યવસ્થા, વિદ્યાર્થીઓની શિસ્ત, સગવડતાઓ અને આયોજનને બિરદાવી જણાવ્યું કે આટલી સુંદર સંસ્થા છે ત્યારે પ્રાર્થના હોલમાં દિકરાઓને એસીની સગવડતા હોય તો વધુ દિલથી તેઓ સભાઓ અને કાર્યક્રમોમાં ખીલી ઊઠે એમ જણાવી ચાર એસી વિદ્યાર્થી ભવન અને ચાર એસી વિદ્યાનગરની કન્યા છાત્રાલયને આપવાની જાહેરાત કરી ઉપસ્થિત સૌના દિલ જીતી લીધા હતા. સંસ્થાના માનદમંત્રી શ્રી ચંદ્રકાન્ત તન્નાએ બન્ને છાત્રાલયો વતીથી માન. પ્રવિણભાઈનો હૃદયપૂર્વક આભાર પ્રવિણભાઈ માટેની એક શાયરી દ્વારા માન્યો હતો.

ખૂબ જ સફળતાપૂર્વક સંપન્ન થયેલા આ કાર્યક્રમના અંત ભાગમાં શિક્ષણ સમિતિના શ્રી દિલીપભાઈ પંખીએ પણ પોતાની આભારવિધિમાં વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેની ટીપ્સ પોતાના અનુભવોના નિચોડરૂપે કહ્યું કે મેં CA, ICWA અને CS ની પરીક્ષાઓ સખત મહેનત, ખંત, લગન અને ધીરજ જેવા જ હથિયારોથી પાસ કરી છે અને અત્યારે પણ આ હથિયારોનો જ ઉપયોગ મારી પ્રોફેશનલ લાઈફમાં પણ કરું છું એમ જણાવી તેઓએ આટલી મોટી સંખઅયામાં આ પરિસંવાદમાં ભાગ લેવા બદલ સૌ જ્ઞાતિના દિકરી-દીકરીઓનો આભાર માન્યો હતો તો સાથે સાથે પોતાનો કિંમતી સમય ફાળવી આ નવી પેઢીને પ્રોત્સાહિત કરવા ઉપસ્થિત સૌ મુખ્ય મહેમાનો, મહાજનના હોદેદારો, જ્ઞાતિશ્રેષ્ઠીઓ અને આ આયોજન

માટે સ્થળ, ભોજન અને યુવક-યુવતીઓની આટલી મોટી સંખ્યા ઊભી કરવામાં મહત્ત્વનું યોગદાન આપનાર શ્રી જલારામ લોહાણા વિદ્યાર્થી ભવન અને તેના હોદ્દેદારોનો પણ આભાર માન્યો હતો, તો વિદ્યાર્થી ભવનના માનદ્ મંત્રી શ્રી ચંદ્રકાન્તભાઈએ આ સંસ્થાને આવા કાર્યક્રમ માટે પસંદ કરી અમારા આમંત્રણને માન આપ્યું તે બદલ માતૃસંસ્થા મહાપરિષદ અને શિક્ષણ સમિતિનો પણ આભાર માન્યો હતો. શ્રી ધર્મેશભાઈ હરિયાણી તરફથી તમામ વિદ્યાર્થીઓને ટોકન રૂપે સુંદર ફાઈલ અર્પણ કરવામાં આવલે.

કાર્યક્રમના અંતે સૌએ રાષ્ટ્રગીતને માન આપ્યું હતું અને ત્યારબાદ ભોજન પ્રસાદમાં જોડાયા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન મહાપરિષદના ઉદ્‌ઘોષક શ્રી ચંન્દ્રકાન્તભાઈએ તન્નાએ કર્યું હતું.

**આલેખન : પ્રોફે. ચંન્દ્રકાન્ત તન્ના**

## જામનગરના દેવાંશુભાઈ દવે દ્વારા તૈયાર કરેલ એજ્યુકેશનલ ઉપયોગી વેબસાઈટ

જામનગરના દેવાંશુભાઈ દવે દ્વારા http://www.dkdave.in નામની એક ખુબ જ સરસ એજ્યુકેશનલ વેબસાઈટ તૈયાર કરવામાં આવેલી છે. જે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીઓ માટે ઘણી ઉપયોગી બને છે અને આ સિવાય પ્રશ્નપત્રો, જનરલ નોલેજ સહિતની ઘણી બધી એજ્યુકેશનલ માહિતીની પીડીએફ ફાઈલ નિઃશુલ્ક ડાઉનલોડ કરી શકાય છે. તો શિક્ષણ ક્ષેત્રના દરેક લોકોને આ એજ્યુકેશનલ વેબસાઈટ ઉપયોગી બની શકે છે.




## સ્કોલરશીપ - ૨૦૧૮

સ્વ. રોનક પ્રતાપરાય દત્તાણી એજ્યુકેશન ફાઉન્ડેશન અંતર્ગત શ્રી ધીરૂભાઈ જીવરાજાણી પ્રેરિત સ્કોલરશીપ યોજના હેઠળ શૈક્ષણિક વર્ષ ૨૦૧૮ માં પણ સ્કોલરશીપ માટે અંદાજે ૨૬૦૦ જેટલા ફોર્મ પ્રાપ્ત થયા છે. આ યોજનામાં કુલ ૬૬ જેટલા મહાજન / સ્થાપિત સંસ્થાઓએ વિદ્યાર્થીઓને આ યોજનાથી લાભાન્વિત કરવા માટે ભલામણ સાથે ફોર્મ મોકલી આપેલ છે. તમામ પ્રાપ્ત થયેલ ફોર્મની યોગ્ય ચકાસણી શ્રી શશીકાંતભાઈ કાનાણી અને શ્રી જીતેન્દ્રભાઈ કારિયા દ્વારા કરવામાં આવેલ છે અને તમામ સંલગ્ન મહાજન તથા સંસ્થાઓને ૩૦% ટકા રકમ જમા કરાવવા માટેના પત્રો મોકલી આપવામાં આવેલ છે. આ રકમ પ્રાપ્ત થયેથી આગામી ૧૫ દિવસની અંદર તમામ સંસ્થાઓને ૧૦૦% રકમના ચેક રવાના કરવામાં આવનાર છે.

**- જીતેન્દ્ર કારીયા, કાર્યાલય મંત્રી**

## વાત્સલ્ય સમિતિ

શ્રી લોહાણા મહાપરિષદની કોઈમ્બતુર મુકામે યોજાયેલી કારોબારી સમિતિની બેઠકમાં જાહેર થયા મુજબ તમામ મહાજનશ્રીઓ તથા સ્થાપિત સંસ્થાઓને રૂા. ૫૧૦૦/-ના ટોકન દરે નીચે મુજબની જરૂરિયાતવાળી ચીજવસ્તુઓની મેડિકલ કીટ અર્પણ કરવામાં આવે છે. મહાજનશ્રીએ / સંસ્થાએ આ કીટ મેળવવા માટે લેટરહેડ ઉપર અરજી સાથે રૂા. ૫૧૦૦/- ની રકમનો જે તે મહાજનશ્રી કે સંસ્થાના ખાતામાંથી જ શ્રી લોહાણા મહાપરિષદના નામનો ચેક મોકલવાનો રહેશે. અરજીનું ફોર્મેટ તથા કીટમાં સમાવેલ ચીજવસ્તુઓની વિગતો વેબસાઈટ પર પણ ઉપલબ્ધ છે.

આ ચીજવસ્તુઓમાં વ્હીલચેર (ઈમ્પોર્ટેડ) ૨ નંગ, એરબેડ ૨ નંગ, કમોડ ચેર (એલ્યુમિનિયમ) ૩ નંગ, વોકર ૨ નંગ, વોકર (વિસ્કો ટાઈપ) ૨ નંગ, સ્ટીક (ચાર પાયાવાળી) ૫ નંગ, સ્ટીક (સીંગલ પાયાવાળા) ૫ નંગ, બેડપેન (પીવીસી) ૫ નંગ, યુરીન પોટ (ટુ ઈન વન) ૫ નંગ, બેક રેસ્ટ (સુપર) ૩ નંગનો સમાવેશ થાય છે.

**-અશોક ગઢિયા, અધ્યક્ષ - વાત્સલ્ય સમિતિ, મો. ૯૭૧૨૯૭૬૮૬૪**



**દર્શાવેલ ફોટો પ્રમાણે જે તે ટ્રાન્સપાર્ટમાં મેડિકલ કિટ મોકલવામાં આવે છે.**

# સંસ્થા સમાચાર

## આણંદ

શ્રી સૌરાષ્ટ્ર લોહાણા મહાજનનો સરસ્વતી સન્માન સમારંભ તા. ૧૫-૭-૨૦૧૮ ને રવિવારના રોજ અમૃતવાડી ખાતે લોહાણા મહાજનના પ્રમુખ શ્રી જયેશભાઈ કારીયાના અધ્યક્ષપદે યોજાઈ ગયો. સમારંભની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી. ત્યારબાદ સંસ્થાના મંત્રી શ્રી નરેશભાઈ માણેકે સંસ્થાનો વાર્ષિક અહેવાલ રજૂ કર્યો. મહાજનના જરૂરિયાતમંદ પરિવારોને શિક્ષણ સહાય મેળવવા માટે મહાજનને અરજી કરવાની અપીલ કરવામાં આવી. લોહાણા મહાજનના સક્રિય સભ્ય પ્રોફ. રાજેશ ગીરધરલાલ કારીયાની શ્રી પ્રગતિ મંડળ, ભાદરણ દ્વારા સંચાલિત આર્ટ્સ, સાયન્સ એન્ડ આર.એ. પટેલ કોમર્સ કોલેજમાં ઉપાચાર્ય (વાઈસ પ્રિન્સિપાલ) તરીકે નિમણૂંક થતા તેમનું મહાજન દ્વારા સન્માનપત્ર આપીને બહુમાન કરવામાં આવ્યું. રઘુવંશી સમાજના અન્ય સભ્યો શ્રી ગૌરવ ઠકરાર, શ્રી મનોજભાઈ જવાણી, શ્રી જગદીશભાઈ હરિયાણી, શ્રી કાંતિભાઈ સાદરાણી, શ્રી ચેતન રાયકુંડલિયા તેમજ શ્રી હેમાંગ મીરાણીનું વિવિધ ઉપલબ્ધિઓ માટે શાલ ઓઢાડીને મહાજન દ્વારા સન્માન કરવામાં આવ્યું. ત્યારબાદ ઈનામ વિતરણના દાતા અગ્રણી બિલ્ડર શ્રી હસમુખભાઈ કારીયા તરફથી કે.જી. થી ધોરણ ૧૨ તેમજ ગ્રેજ્યુએટ, પોસ્ટગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓને વિવિધ પ્રોત્સાહક ઈનામો આપીને સન્માનવામાં આવ્યા. આ સમારંભના ભોજન દાતા શ્રી પ્રકાશભાઈ મીરાણી હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન યુવા સંગઠનના ઉપપ્રમુખ શ્રી હેમાંગ મીરાણી અને તેની ટીમે કર્યું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં સંસ્થાના મેનેજર શ્રી પરેશભાઈ કારિયાનો સિંહ ફાળો હતો.

**સંકલન : નરેન્દ્રભાઈ માણેક**

## રાધનપુર

શેઠ શ્રી ગોવિંદજી ખીમજી ફુલચંદ હંસરાજભાઈ ઠક્કર (નંદાસરવાળા) શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન વાડી (નવનિર્મિત)નું લોકાર્પણ કાર્યક્રમ તા. ૧૯-૭-૨૦૧૮ ને ગુરૂવારે સવારે ૧૦.૦૦ કલાકે યોજાઈ ગયો  જેમાં વિશેષ રૂપે પ.પૂ.શ્રી જાનકીદાસજી મહારાજ (કમીજડા), સમારંભના પ્રમુખ શ્રી ધીરુભાઈ ઘટ્ટા તથા દાતાશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સમગ્ર ટીમે જહેમત ઉઠાવી હતી.

## આકોટ

તા. ૧૨-૭-૧૮ ના રોજ આકોટ (વિદર્ભ સહ મધ્યભારત) ખાતે શ્રી ભરતભાઈ બુદ્ધદેવ, શ્રી બાબાભાઈ સેજપાલ તથા તેમની ટીમ દ્વારા મૌલાના અબ્દુલ કલામ ઉર્દુ હાઈસ્કુલ ખાતે વૃક્ષારોપણ કરવામાં આવેલ.

તા.૧૫-૭-૧૮ ના રોજ આકોટ (વિદર્ભ સહ મધ્યભારત) ખાતે બાબાભાઈ સેજપાલ તથા પર્યાવરણ પ્રેમીઓ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવેલ.

તા.૨૨-૭-૧૮ ના રોજ આકોટ (વિદર્ભ સહ મધ્યભારત) ખાતે શ્રી સુરેશભાઈ સેદાણી, શ્રી બાબાભાઈ સેજપાલ શ્રી ભરતભાઈ બુદ્ધદેવ, શ્રી નીતીનભાઈ હિંડોચા, શ્રી હરીભાઈ સેજપાલ તથા ટીમ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવેલ.

## મુંબઈ

ગૌરક્ષક, ધર્મરક્ષક, વીસ જસરાજ દાદાની ક્રાંતિકારક વિચારસરણીને પ્રણેતા શ્રી જગજીવનભાઈ મુલજી તન્નાના રાહબરાપણા હેઠળ વીર જસરાજ દાદા મંડળ આગળ ધપાવી રહ્યું છે. દર મહિનાની સુદ પાંચમે સહયોગ પ્રાપ્ત શ્રી કચ્છી લોહાણા મહાજનવાડી, મુલુંડમાં મોટી સંખ્યામાં ભાવિકોની હાજરીમાં ધૂપ આરતી બાદ ચિંતન મનન થાય છે. આ વર્ષે જસરાજ દાદા શહાદત દિવસે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વીર જસરાજ દાદા મંડળ - મુંબઈને કચ્છ ગઢશીશાવાળા પૂ.ચંદુમાના આશીર્વાદ મળે તેવા કાર્યક્રમ માટે શ્રી અરૂણભાઈ ભીંડિએ સેતુરૂપ ભૂમિકા ભજવી છે. મંડળ સંગઠક શ્રી લાલજી સર સાથે શ્રી હીરાલાલભાઈ મૃગ અને સભ્યો પણ સક્રિય રૂચિ લઈ રહ્યા છે. કચ્છી નવા વર્ષના બીજા દિવસે રવિવાર તા.૧૫-૭-૨૦૧૮ ના રોજ સવારે ૯.૦૦ કલાકે મહાજનવાડીમાં પૂ. ચંદુમાનું ઢોલ-શરણાઈ, કળશધારી બહેનો, પુષ્પ વૃષ્ટિ સાથે દબદબાપૂર્વક સ્વાગત કરવામાં આવ્યું હતું. પૂ.ચંદુમા દ્વારા ૫૧ દિવડાની મહા આરતી, એમના સંગાથે રાસ ગરબા, એમના આશીર્વચન, એમનું વિશિષ્ટ અભિવાદન, એમના વરદ હસ્તે વીર જસરાજ દાદા મંડળ પ્રથમ સ્મરણિકાનું વિમોચન, જાણીતા કીર્તનકાર આદરણીય શ્રી હરીભાઈ પોપટ અને ભાગવતાચાર્ય શ્રી હર્ષ મહારાજની વિશેષ ઉપસ્થિતિ વગેરે ભાવિકજનો માટે હૃદયગમ્ય બની રહેશે. આ ધાર્મિક - સાંસ્કૃતિક આયોજનમાં ભક્તજનોને જાહેર હાર્દિક આમંત્રણ આપવામાં આવે છે. સવારે ૮.૩૦ કલાકે ચા-કોફી અને કાર્યક્રમને અંતે હળવા પ્રસાદની વ્યવસ્થા છે. ભાવિકજનો આર્થિક યોગદાન આપીને એમાં સહભાગી થઈ શકે છે. આ કાર્યક્રમની વધુ વિગત માટે સંપર્ક - લાલજીસર ૯૮૯૨૦૦૬૬૨૮ અને જીજ્ઞા ગણાત્રા ૯૮૨૦૩ ૬૯૪૪૫.

**સંકલન : લાલજી સર**

## મુંબઈ

કચ્છી સમાજની પ્રતિભાવંત વ્યક્તિઓને ''કચ્છ શક્તિ' એવોર્ડથી છેલ્લા ૩૮ વર્ષથી કચ્છના નવા વર્ષ - અષાઢી બીજના દિવસે બીરદાવવામાં આવે છે. આ વર્ષે શનિવાર તા. ૧૪-૭-૨૦૧૮ના રોજ દાદરના યોગી હોલમાં યોજાયેલ આ કાર્યક્રમમાં મુલુંડના વ્યવસાય શ્રેષ્ઠી શ્રી હીરાલાલભાઈ મૃગને એમની વિસ્તૃત સમાજ સેવાને લક્ષમાં લઈ આ રાષ્ટ્રીય સ્તરનો સમાજ સેવા માટેનો ''કચ્છ શક્તિ''નો એવોર્ડ આપવામાં આવ્યો હતો. પ્રમુખ શ્રી હેમરાજભાઈ શાહની અધ્યક્ષતામાં યોજાયેલ આ કાર્યક્રમની શરૂઆતમાં કચ્છી કસુંબલ ડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુલુંડના ભક્તિ આસાની પણ હતા. નિબંધ સ્પર્ધાના વિજેતાઓને ઈનામ બાદ આ કચ્છ શક્તિ એવોર્ડ એની વિશિષ્ટ ટ્રોફી અને શાલ ઓઢાડીને શ્રી હીરાલાલભાઈ મૃગને એનાયત કરવામાં આવ્યો ત્યારે આ ગૌરવીકરણની ક્ષણોએ એમના ધર્મપત્ની શ્રીમતી મનોરમાબેન, પરિવારજનો રાહુલ મૃગ, આકાંક્ષા મૃગ, જયસિંહ મૃગ, મહેશ ઠક્કર, નૂતન ઠક્કર, દિનેશ કતીરા, ઉષા કતીરા, કૈલાસ ઠક્કર, રૂપા ઠક્કર, નિર્મલાબેન ઠક્કર, શેખર ઠક્કર, આશાબેન ઠક્કર, જયેન્દ્ર ઠક્કર, દર્શના કેસરિયા, સૌરભ કેસરિયા, જગદીશ કેસરિયા, ચંદાબેન કેસરિયા, દેવેન્દ્રભાઈ અનમ, જીજ્ઞા અનમ, જેનીસ અનમ, સુધીર પાલેજા, મીના પાલેજા, વલ્લભદાસ ઠક્કર, ઈંદિરાબેન ઠક્કર, ધૃતિ ઠક્કર, રીશા કેસરિયા સાથે લાલજી સર, શ્રી મહેન્દ્રભાઈ ચંદન, ભામાશા, નીતિન પાંધી તેમજ શ્રી કચ્છી લોહાણા સેવા મંડળ રામબાગ માટુંગાના શ્રી મનુભાઈ કોઠારી, શ્રી અશોકભાઈ પલણ, શ્રીમતી માલતીબેન કોઠારી, શ્રી પંકજભાઈ ચોથાણી, શ્રી ભરતભાઈ સચદે, હરિશ પ્રધાન વગેરે સગા સ્નેહીઓ, મિત્ર વર્તુળ ઉપસ્થિત હતા. કાર્યક્રમ બાદ સગા સ્નેહીઓ સમક્ષ આ સન્માન બદલ ભાવવિભોર બની શ્રી હીરાલાલભાઈ મૃગે આ એવોર્ડ મળવા માટે ખુશી વ્યક્ત કરી હતી. **સંકલન : લાલજી સર**

## માંડવી

શ્રી માંડવી લોહાણા મહાજન દ્વારા આયોજીત પૂ. રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ – રાજકોટ દ્વારા સર્વે જ્ઞાતિઓ માટે પ્રથમ નિઃશુલ્ક ''નેત્રયજ્ઞ''નું આયોજન શ્રી માંડવી લોહાણા બોર્ડીંગ ખાતે કરવામાં આવેલ. આ નેત્રયજ્ઞનું વિધિવત ઉદ્ઘાટન કાર્યક્રમના અધ્યક્ષ શ્રી હરિશભાઈ ગણાત્રા, સદ્‌ગુરૂ હોસ્પિટલ રાજકોટના ડૉ. સોલંકી, શ્રી માનવસેવા ચેરીટેબલ ટ્રસ્ટ - અંજારના શ્રી મહેન્દ્રભાઈ કોટક, શ્રી મનસુખભાઈ ગણાત્રા, શ્રી રાજાભાઈ સોમેશ્વર, શ્રી માંડવી લોહાણા મહાજનના ઉપપ્રમુખ શ્રી શશીકાંતભાઈ ચંદે, મંત્રીશ્રી જયેશભાઈ સોમૈયા, સહમંત્રીશ્રી હસમુખભાઈ ભીડે તથા શ્રી માંડવી લોહાણા બાળાશ્રમના ઉપપ્રમુખશ્રી નિમેષભાઈ ચંદારાણાના હસ્તે કરવામાં આવેલ તથા મંચ પર બિરાજમાન મહેમાનોનું શાલ તથા પુષ્પગુચ્છથી સન્માન કરવામાં આવેલ. કાર્યક્રમના અધ્યક્ષ શ્રી હરિશભાઈ ગણાત્રાએ પોતાના વક્તવ્યમાં વધુમાં જણાવેલ કે, આ નિઃશુલ્ક નેત્રયજ્ઞનું આયોજન દર માસની ૧૯મી તારીખે આ જ સ્થળ પર કરવામાં આવશે. શ્રી માનવસેવા ચેરીટેબલ ટ્રસ્ટ અંજારના મંત્રી શ્રી મહેન્દ્રભાઈ કોટક આ નેત્રયજ્ઞ વિશે વધારે વિગતો આપતાં જણાવેલ કે, તેઓ દ્વારા અંજાર ખાતે પણ આ કેમ્પો દર મહિને યોજવામાં આવે છે અને તેઓ દ્વારા જણાવવામાં આવેલ કે આ હોસ્પિટલમાં ગયેલ દર્દીઓ પૈકી એક પણ કેસ ફેઈલ આજ સુધી ગયેલ નથી. આ કેમ્પમાં રાજકોટ હોસ્પિટલના ડોક્ટર શ્રી સોલંકી સાહેબ સાથે લેબ ટેક્નિશિયન આવી અને ઓપરેશન લાયક દર્દીઓના જુદા – જુદા ટેસ્ટ પણ સ્થળ ઉપર જ લેવામાં આવેલ અને તે બાદ ઓપરેશન લાયક દર્દીઓને સાથે લઈ ગયેલ.

**સંકલન : જયેશ બી. સોમૈયા**

## અમરાવતી

તા.૧૯-૭-૧૮ ના રોજ અમરાવતી (વિદર્ભ સહ મધ્યભારત) ખાતે શ્રી ગીતા નંદકિશોરભાઈ લોહાણાના જન્મદિન નિમિત્તે વૃક્ષારોપણ કરવામાં આવેલ. તા.૨૮-૭-૧૮ના રોજ અમરાવતી ખાતે પ્રાઈમરી હેલ્થ સેન્ટર નેટ પર ડો. નંદકિશોરભાઈ લોહાણા તથા ડોક્ટરોની ટીમ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવેલ.

## નવી મુંબઈ

શ્રી લોહાણા સમાજ નવી મુંબઈ દ્વારા તા.૧૪ જુલાઈને શનિવારના રોજ સાંજે ૭.૩૦ કલાકે ૩૨ મા અષાઢી બીદ મહોત્સવનું દબદબાભેર આયોજન કરવામાં આવ્યું. નાના બાલ ભૂલકાથી લઈને વયસ્ક, યુવક-યુવતીઓ અને વડીલો પણ કૂળદેવતા ઝુલેલાલજીના પૂજન અર્ચન અને આરતી પ્રસાદનો લાભ લેવા હોંશે હોંશે પધાર્યા હતા. બરાબર ૭.૩૦ કલાકે સહુએ સમુહ આરતી કરી કૃતાર્થ થયા પછી શ્રી દિનેશભાઈએ કૂળદેવતા શ્રી ઝુલેલાલજીની સતઅષ્ટમ ધુન ''જૂકો ચોંધો ઝુલેલાલ તેં જો થિંધો બેડો પાર''ની આહલેકની ઉપસ્થિત ૬૦૦ થી અધિક ભાવિક સમુદાય દ્વારા બુલંદ અવાજે ઉપાડી લઈ વાતાવરણને ભક્તિમય બનાવી દીધું હતું. કૂળદેવતા શ્રી ઝુલેલાલજીની પ્રતિમા સમક્ષ પ્રમુખ શ્રી સંજયભાઈ પલણ, સર્વ માનનીય ટ્રસ્ટી શ્રી મોહનભાઈ ઠક્કર, શ્રી હિંમતભાઈ સૌમેયા, શ્રી પ્રતાપભાઈ ઠક્કરએ શ્રીફળ વધેરી આશીર્વાદ લીધા હતા.

તે દિવસે યોગાનુયોગ વિરલ સંતના પગલાં પણ શ્રી લોહાણા ભવનના આંગણે પડ્યા હતા. કચ્છ ગઢશીશાના અને સમસ્ત કચ્છીઓના આરાધ્ય દેવ એવા પૂજ્ય ચંદુમાની પધરામણીથી અષાઢી બીજ મહોત્સવનું મહત્વ અનેરૂં થઈ ગયું હતું. પૂજ્ય ચંદુમા મા ભવાનીની આધ્યાત્મિક ભાવે સ્તુતિ કરી ઉપસ્થિત સર્વ જ્ઞાતિજનોને આશીર્વાદ આપ્યા હતા એટલું જ નહીં શ્રી લોહાણા સમાજ નવી મુંબઈની પ્રવૃત્તિઓથી પ્રભાવિત થઈ સમાજ દ્વારા થતાં જનકલ્યાણના ઉમદા કાર્યોને બિરદાવ્યા હતા અને પ્રસન્નતાના ભાવ સાથે અભિનંદન આપી ટૂંકા રોકાણ બાદ વિદાય લીધી હતી. અષાઢી બીજ મહોત્સવ નિમિત્તે સમાજના આમંત્રણને માન આપી શ્રી ચંદ્રકાંતભાઈ પરબિયા પરિવાર, શ્રી અરૂણભાઈ ભીંડે પરિવાર, કચ્છ યુવક સંઘના શ્રી ચંદ્રકાંતભાઈ દેઢિયા, શ્રી અલ્પેશ બદ્રા અને હાઈસ્કૂલના આચાર્યા શ્રીમતિ હિના રમાણી પધાર્યા હતા. કાર્યક્રમ આગળ ચાલતા સહમંત્રી શ્રી વિશાલભાઈ ચંદેએ કાર્યક્રમની માહિતી આપી હતી. પ્રથમ તબક્કે દોઢ વરસના બાળભૂલકાઓએ બાળગીત પર નૃત્ય રજૂ કરી પ્રેક્ષકોના મન મોહી લીધાં હતાં. પ્રથમ પ્લે ગ્રુપ પછી નર્સરી ગ્રુપ, પ્રાયમરી ગ્રુપ, સેકન્ડરી ગ્રુપ, વયસ્ક યુવક-યુવતીઓ અને મહિલાઓએ એક પછી એક રંગારંગ નૃત્ય રજૂ કરી શ્રોતાઓની વાહવાહ મેળવી હતી. કલાકારોને નૃત્યની તાલીમ શ્રીમતી આરતીબેન ઠક્કરે આપી હતી જેમાં તેમને શ્રીમતી નિધિબેન પલણ, નિધિ જીમુલિયા, રાધા માણેક, વિધિ રામાણી અને સોનમ ઠક્કરે ઉમદા સાથ આપ્યો હતો.

સંકલન : દિલીપભાઈ ઠક્કર

## ગાંધીનગર

રઘુવંશી લોહાણા પરિવાર અમદાવાદ ગાંધીનગર દ્વારા આનંદોત્સવનું આયોજન થયું હતું જેમાં અમદાવાદ - ગાંધીનગરના દરેકે દરેક પરિવારની હાજરી તથા આપણા મોંઘેરા મહેમાનો આમંત્રણને માન આપી દરેક શહેરમાંથી પધારેલ સંસ્થાઓના હોદ્દેદારો પ્રતિનિધિઓ, ટ્રસ્ટીશ્રીઓ અને આદરણીય તમામ વડીલો આ પ્રસંગે હાજર રહી શુભેચ્છા સાથે પ્રસંગના આનંદમાં ચાર ચાંદ લગાવી દીધા. પ્રસંગની મુખ્ય વાત આપણી ભાવિ પેઢી બાળકો અને વિદ્યાર્થીઓને તેમની કુશળતાને સન્માનિત કરવા અને તેમની અભિનય કલાને વિકસાવવા સ્ટેજ પૂરું પાડવાનો... સરસ્વતી સન્માનના આ પ્રસંગે આશિર્વચન આપવા માટે પ.પૂ. સંતશ્રી જાનકીદાસ બાપુ પણ પધારેલ. તેઓશ્રીએ ખુબ જ સુંદર વાત રજૂ કરી કે આપણે આપણી ગાડી કે બાઈકમાં જ્યારે પેટ્રોલ ભરાવવા જઈએ છીએ ત્યારે તે શુદ્ધ હોય તેવો આગ્રહ રાખીએ છીએ. આપણું વ્હીકલ ખરાબ ન થાય. એક સુંદર સંદેશમાં તેઓશ્રીએ જણાવ્યું કે સાહેબ, આપણને મળેલ આ માનવદેહ પ્રકૃતિની અનમોલ... અમૂલ્ય સોગાદ છે. તો એમાં આપણે જેવી તેવી વસ્તુઓ ખોરાક, ખાણી-પીણી કેવી રીતે પધરાવી શકીએ... શુધ્ધતા... પવિત્રતા એ આપણી સંસ્કૃતિ છે. અને હા આપણા જ રઘુવંશી આપણા જ પરિવારમાંથી ખૂબ જ સારી કક્ષાએ સ્થાન પામેલ મોટીવેશન ટ્રેનર કે શ્રી પરીક્ષિત જોબનપુત્રાએ દરેક વાલીને સુંદર સંદેશ આપ્યો.

આ સંદેશમાં આર્ટસ એટલે પ્રકૃતિ પ્રેમ, વહાલ, પાંગરવું, ખિલવું, એકરૂપ થવું, કલાકૃતિ, કલાકાર, નૃત્ય, સંગીત જેણે આર્ટસને હૃદયસ્થ કર્યું છે તેવા લોકોને ત્યાં માસ્ટર ડિગ્રીવાળાઓ નોકરી કરે છે મિત્રો... તે સાચી હકીકત છે. તમારા ભૂલકાઓને ગમતા વિષયોમાં આગળ વધવા સ્ટેજ પુરુ પાડો. શ્રી લોહાણા મહાપરિષદના હોદ્દેદારો પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક, મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર, ખજાનચી શ્રી હિંમતભાઈ કોટક પણ ઉપસ્થિત રહી પ્રસંગની શોભા વધારેલ અને સાથે સાથે જણાવેલ કે આઈ.એ.એસ./ આઈ.પી.એસ. / જીપીએસસી, ડોક્ટર, ઈજનેર કોઈ પણ ઉચ્ચ અભ્યાસ માટે આર્થિક મદદ કરવા અમો હંમેશા તત્પર છીએ. ધન્યવાદને પાત્ર આવા આપણા રઘુવંશી આગેવાનો.. અને હા તેઓને કેમ ભૂલાય જેમણે જેમણે રઘુવંશી લોહાણા પરિવારના પ્રમુખ શ્રી મુકેશભાઈ બાબુલાલ ઠક્કરને હર્ષાન્વિત કરીને હર્ષાશ્રુ વહાવ્યા તે આપ સૌ ભામાશા સમાન દાતાશ્રીઓ સર્વ શ્રી જગદીશભાઈ ત્રિભોવનદાસ ઠક્કર (મિત માર્કેટિંગ), શ્રી નરેશભાઈ જયંતિલાલ ઠક્કર, શ્રી મહેશભાઈ પ્રહલાદજી ઠક્કર તેમજ શ્રી જે.ડી. ઠક્કર (બાલાજી ઈન્ફ્રાસ્ટ્રક્ચર), શ્રી માધવલાલ ત્રિભોવનદાસ ઠક્કર, શ્રી વિષ્ણુકુમાર કાંતિલાલ ઠક્કર અને એવા અનેક દાતાશ્રીઓ જેમણે સતત ફોન દ્વારા સંપર્ક કરીને જે કંઈ અને જ્યારે કંઈ જરૂરિયાત હોય તો અમો હંમેશ તૈયાર છીએ. આગામી વર્ષ માટે ભોજનના દાતા શ્રી ગોવિંદભાઈ ગણપતલાલ ઠક્કર, ઈનામ વિતરણ માટે શ્રી સોમાલાલ રણછોડજી ઠક્કર, સહયોગી દાતાશ્રી હસમુખભાઈ વેલસીદાસ ઠક્કર, ચાંદખેડાવાળા તેમજ નામી અનામી સૌના સહયોગ થકી પ્રસંગ પ્રશઁસનીય બની રહ્યો. જેનો તમામ શ્રેય સલાહકાર સમિતિ તેમજ પ્રમુખશ્રી મુકેશભાઈ બી. ઠક્કરની સમગ્ર ટીમે રાત-દિવસ ખભેખભા મિલાવી પરિશ્રમ કર્યો તેમના શિરે જાય છે.

સંકલન : દિલીપ એમ. ઠક્કર

## ખામગાંવ

તા.૮-૭-૧૮ ના રોજ ખામગાંવ (વિદર્ભ સહ મધ્યભારત) ખાતે શ્રી ભરતભાઈ બુદ્ધદેવ તથા તેમની ટીમ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવેલ. તેમણે બાળકોને વૃક્ષારોપણ માટે તથા તેની દેખરેખ માટે ઉત્સાહિત કરેલ.

# શાબાશ રઘુવંશી



## નીતીન ગંગારામ પાંધી, મુલુંડ - મુંબઇ

ગુજરાતી મીડ ડે કચ્છ ૯ રત્ન - ૨૦૧૮ માં પુરુષ રત્ન એવોર્ડમાં સૌથી વધારે વોટ મેળવી એવોર્ડ વિજેતા બનવા બદલ માતૃસંસ્થાના વર્તમાન ખજાનચી **શ્રી નીતીન ગંગારામ પાંધી**ને શ્રી લોહાણા મહાપરિષદના ખુબ ખુબ અભિનંદન.....



## શ્રી સંકેત બીપીનભાઈ તન્ના (વેરાવળ)

વેરાવળના સંકેત બીપીનભાઈ તન્ના ફક્ત ૨૧ વર્ષની નાની ઉંમરે જ સી.એ.ની પરીક્ષા પાસ કરેલ છે અને હાલ તેઓ મુંબઈની મલ્ટીનેશનલ કંપનીમાં ફરજ બજાવે છે. હાલમાં જ ઇન્ટરનેશનલ ગ્લોબલ નેટવર્ક દ્વારા એશિયા વર્લ્ડ મોડેલ યુનાઈટેડ નેશન (AWMUN) દ્વારા એક કોન્ફરન્સનું આયોજન સીઓલ (સાઉથ કોરીયા)માં ૧૧-૮-૧૮ થી ૧૫-૮-૧૮ સુધી થનાર છે. આ કોન્ફરન્સમાં સમગ્ર વર્લ્ડમાંથી માત્ર એક હજાર ટેલેન્ટેડ યુવાનોની પસંદગી તેમની પ્રોફાઈલના આધારે કરવામાં આવે છે અને તેમને એક વિષય આપી તેની ઉપર તેમના વિચારો કોન્ફરન્સમાં સ્પીચ આપી રજૂ કરવાના હોય છે તેમજ આ વિચારોને પેપર્સ દ્વારા પણ રજૂ કરવાના હોય છે અને તેના આધારે ઠરાવો પાસ કરવાના હોય છે. આ કોન્ફરન્સ એટેન્ડ કરવા માટે સમગ્ર વિશ્વમાંથી અંદાજીત દસ હજારથી વધુ એન્ટ્રી આવેલ હતી જેમાં પ્રોફાઈલના આધારે સમગ્ર ભારતમાંથી માત્ર ૩ યુવાનોની પસંદગી થયેલ છે જેમાં એક સંકેત તન્ના છે જે સમગ્ર ગુજરાતમાંથી એક માત્ર યુવાન હોય જેથી સમગ્ર લોહાણા સમાજનું ગૌરવ વધારેલ છે. માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ વતી ખુબ ખુબ અભિનંદન.....



**પૂર્વા નરેશભાઈ ઠક્કર (પુજારા)**, અમદાવાદ. કમ્પ્યુટર ક્ષેત્રમાં ઉચ્ચ અભ્યાસ માટે અમેરિકાની ન્યૂયોર્ક ખાતે આવેલી શ્રેષ્ઠતમ યુનિવર્સિટી (Binghamton University) માં પ્રવેશ મેળવવા બદલ માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ વતી ખુબ ખુબ અભિનંદન...



## પલ શીંગાળા, અમદાવાદ / જુનાગઢ

મૂળ જૂનાગઢના અને અમદાવાદ રહેતી દિકરી પલ શીંગાળાએ પાંચ વર્ષની ઉંમરથી જ ગોલ્ફની પ્રેક્ટિસ કરી રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે ૫૦ થી પણ વધારે ટ્રોફી અને સર્ટિફિકેટ્સ જીત્યા બાદ તાજેતરમાં જ યુ.એસ. કિડ્સ જુનીયર ગોલ્ફ ચેમ્પિયનશીપમાં ૫૦ થી પણ વધારે દેશના બાળકો ભાગ લઈ રહ્યા છે તેમાં ક્વોલીફાય થઈ સમગ્ર રઘુવંશી સમાજનું ગૌરવ વધારેલ છે તે બદલ માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના ખુબ ખુબ અભિનંદન....



નાગપુરમાં વસતા શ્રી લોહાણા મહાજનના પૂર્વ પ્રમુખશ્રી જયંતિલાલ ઠક્કરના ઉદ્યોગપતિ સુપુત્ર **શ્રી વિરેન્દ્ર જયંતીલાલ ઠક્કર**ને ભારત સરકાર દ્વારા લોજેસ્ટીક બિઝનેસ માટે ''નેશનલ પ્રોડક્ટીવિટી કાઉન્સીલ ગવર્મેન્ટ ઓફ ઇન્ડિયા''ના અંતર્ગત દિલ્હીમાં સન્માનિત કરવામાં આવેલ. શ્રી લોહાણા મહાપરિષદ વતી ખુબ ખુબ અભિનંદન...

નાગપુરના જ્ઞાતિબંધુ શ્રી પ્રભુદાસ રતિલાલ દાવડા મહારાષ્ટ્ર શાસન વન વિભાગમાં કાર્યરત છે. શાસન વન વિભાગ દ્વારા માનનીય મુખ્યમંત્રી શ્રી દેવેન્દ્રજી ફડણવીસ તથા વનવિભાગના મંત્રી શ્રી સુધીર મુનગંટીવાર દ્વારા ''શ્રેષ્ઠ વન ઉત્પાદન'' માટે પર્યાવરણ દિને મુંબઈના એક શાસકીય કાર્યક્રમમાં ગોલ્ડ મેડલથી સન્માનિત કરવામાં આવેલ. શ્રી લોહાણા મહાપરિષદ વતી ખુબ ખુબ અભિનંદન....






શ્રી લોહાણા મહાપરિષદના વિભાગીય ઉપપ્રમુખ (વિદર્ભ સહ મધ્યભારત) શ્રી નરેન્દ્ર દાવડાના સુપુત્ર વિજય નરેન્દ્ર દાવડા દ્વારા રાષ્ટ્રસંત તુકડોજી મહારાજ નાગપુર વિદ્યાપીઠથી Faculty of Commerce and Management માં Ph.D. કરેલ છે. શ્રી લોહાણા મહાપરિષદ વતી ખુબ ખુબ અભિનંદન...

RNI NO. : GUJ/GUJ/2011/44815
'Registered under Postal Registration No. AHD-C/11/2016-2018 valid upto 31st December-2018
issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month'
Date of Publication : 5th August 2018



## શ્રી લોહાણા મહાપરિષદ



## રઘુવંશી ચેરીટેબલ ટ્રસ્ટ / ભાગવત વિદ્યાપીઠ સોલા
## સંચાલિત
## શ્રી ખીમજી ભગવાન આર.સી.ટી. ભાગવત અતિથિ ભવન



**૪૦ રૂમો, યોગ્ય સગવડો સાથે રોકાણ માટે ઉપલબ્ધ**

**રૂમ ચાર્જ : ૯૫૦/- અને તેથી વધુ**

**બેંક્વેટ હોલ, કોન્ફરન્સ રૂમ તથા કોમન પ્લોટ**

**સારવાર અર્થે અમદાવાદ આવતા જરૂરિયાતમંદ પરિવારો માટે**
**વિનામૂલ્યે રોકાવાની સુવિધા ઉપલબ્ધ.**
**સ્થાનિક મહાજનશ્રીનો ભલામણપત્ર અનિવાર્ય છે.**

**વધુ માહિતી માટે સંપર્ક સૂત્ર : મધુકર મજીઠીયા, મો. 8238256700**

**If Undelivered return to:**
**President, Printer and Publisher :** Pravin Kotak, **Editor :** Chandrakant Tanna
**Place of Publication : Shree Lohana Mahaparishad,** Iscon Mega Mall - Basement, Near Iscon Temple, S G Highway, Ahmedabad - 380059 (Ph.) 079-40091005
**Printing Press :** Print Vision Pvt. Ltd., Print Vision House, Lane, Opp. Central Bank of India, Ambawadi, Ahmedabad - 380 006 (Gujarat)